સંવત્ ૨૦૬૨ પોષસુદ ૨ — સને. ૨૦૦૬ તા. ૧-૧-૦૬



-: પ્રકાશક :-
શ્રીસ્વામિનારાયણ
મંદિર ભુજ - કચ્છ.

કમ્પોઝ સેટીંગ
શ્રીનરનારાયણદેવ કોમ્પ્યુટર
શ્રીસ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ.

## निष्कुलानन्दमुनिकृत काव्य संग्रहे

# સ્નેહગીતા

www. jayswaminarayan.org

**રાગ ધન્યાસરી –** મંગળ મૂર્તિ છે શ્રીમહારાજજી, વ્રજજન વલ્લભ શ્રીવ્રજરાજજી । મે'ર મુજ ઉપર કરો એવી આજજી, અંતર ઈચ્છેછે ગાવા ગુણ કાજજી ॥૧॥ **ઢાળ –** ગુણ ગાવા ગોવિંદ તમારા, ઈચ્છા તે મુજને અતિ ઘણી । ચવું ચરિત્ર સ્નેહગીતા, જેવી મતિ ગતિ છે મુજતણી ॥૨॥ સ્નેહે કથા હવે સુણો સહુ, બહુ પ્રકારે મેં પેખિયું । જપ તપ તીરથ જોગ યજ્ઞ, સ્નેહ સમાન નવ દેખિયું ॥૩॥ દાન પુણ્ય ને વ્રત વિધિ, કરે ભક્તિ નવધા કોય । સ્નેહ વિના સરવે સૂનું, જેમ ભોજન ઘૃત વીણ હોય ॥૪॥ નીર વિના જેમ સૂકું સરોવર, સુગંધ વિના શિયાં ફુલ । તેમ સ્નેહ વિના સૂનું હૃદય, શું થયું ચવેછે ચંડૂલ ॥૫॥ પ્રેમ પખિ છે લૂખી જો ભગતિ, કોઈ અનેક ગુણ ભાખે ભણે । ચૌદ વિદ્યાવાન ચતુર જન, વળી કવિ કોવિદને કોણ ગણે ॥૬॥ સ્નેહ વિના લૂખું લાગે, કથતાં તે કોરૂં જો જ્ઞાન । હેત વિનાનું હૃદય એવું, જેવી વર વિનાની જાન ॥૭॥ સ્નેહ વિના શોભે નહિ, હૃદય તે હરિદાસનું । પંકજનયનની પ્રીત વિના, અમથું શું રહેવું ઉદાસનું ॥૮॥ નેહનાં નયણે નીર વરસે, ગાતાં ગદગદ ગિરા નિસરે । કૃષ્ણ કૃષ્ણ કહેતાં મુખે, વળી વપુ વિકારને વિસરે ॥૯॥ પ્રીતે ચિત્ત ચરણે સોંપી, અને સ્નેહ સાચો જે કરે, નિષ્કુલાનંદના નાથ સાથે, સ્નેહીને સદા સંગે ફરે ॥૧૦॥ કડવું ॥૧॥

સ્નેહની મૂર્તિ સુંદર શ્યામજી, પ્રેમે કરી પ્રગટ્યા ગોકુળ ગામજી। સ્નેહી જનનાં સારવા કામજી, નટવર નાગર સદા સુખધામજી ॥૧॥ **ઢાળ –** સુખના સાગર શ્રીહરિ, જેને દેખતાં દિલડું ઠરે । મૂર્તિ જોતાં માવજીની, હેલામાં મન મુનિનું હરે ॥૨॥ જેને જોઈ મોહી જનજુવતી, અતિ પ્રીત કરી હૈયે હેતશું । સ્નેહ બાંધ્યો શ્યામ સંગે, સોંપી તન મન ધન સમેતશું ॥૩॥ વળી પશુ પંખી ને વૃક્ષ વેલી, હરિપ્રીતમાં પરવશ થયાં । સરિતા સર ને નાગ નગ જે, સ્નેહમાં સંકુલાઈ રહ્યાં ॥૪॥ ગાયો ગોપી ને ગોવાળીએ, હરિ આત્માથી અધિક કર્યા । સ્નેહ બાંધ્યો પ્રેમ વાધ્યો, પ્રીત રીત અતિ આચર્યા ॥૫॥ મીનનું જીવન જળ જોને, જેમ ચકોર સ્નેહી ચંદ છે । તેમ વ્રજ જુવતીનું જીવન જાણો, શ્રીનંદજીનો નંદ છે ॥૬॥ જેમ મોરનું મન મળ્યું મેઘશું, જેમ બપૈયો સ્નેહી સ્વાંતનો । તેહ થકી અધિક અંગે, સ્નેહ જુવતી જાતનો ॥૭॥ જેમ અગ્નિને સંગે ઓગળે, મીણ માખણ ને ઘણું ઘૃત । તેમ કૃષ્ણ મળે મન ગળે, અને ટળે તે તનશુદ્ધ તરત ॥૮॥ જેહ નયણે નિરખે નાથને, તેનું હાથ હૈયું કેમ રહે । તે લાજ તજે કૃષ્ણ ભજે, એવી સ્નેહમૂર્તિ છે સુખ મહે ॥૯॥ નટવર નાગર સુખસાગર, મનોહર મૂર્તિ મદનજી, નિષ્કુલાનંદ ગોવિંદ છબી, સુખતણું જો સદનજી ॥૧૦॥ કડવું ॥૨॥

સુખમય મૂર્તિ જોઈ જન ગોપીજી, રહી હરિ ચરણે તન મન સોંપીજી। અંતરની વૃત્તિ હરિમાં આરોપીજી, લોક કુટુંબની લજ્જા જેણે લોપીજી ॥૧॥ **ઢાળ –** લોપી લજ્જા જેણે લોકની, અને સ્નેહવશ થઈ સુંદરી। સોબત કીધી શિશ સાટે, એવી અચળ પ્રીત હરિશું કરી ॥૨॥ હરતાં ફરતાં કામ કરતાં, કૃષ્ણ કૃષ્ણ કરે કામિની, પ્રીત વશ થઈ પ્રમદા, જાતિ જાણે નહિ દિન જામની ॥૩॥ ખાતાં પીતાં બોલતાં, વળી સ્નેહમાં શુદ્ધ વિસરી। સૂતાંસૂતાં જાગે ઝબકી, ઉઠે કૃષ્ણકૃષ્ણ મુખે કરી ॥૪॥ વાટે ઘાટે વન જાતાં, મન તન મોહનશું મળ્યું। લોક લાજ વેદવિધિ વિસરી, વળી ભાન તનનું તે ટળ્યું ॥૫॥ વળી શ્રવણમાં ભણકાર સુણે, જાણે નયણે નિરખું છું નાથજી। મુખવાંણે વળી એમ જાણે, વાત કરૂંછું વાલા સાથજી ॥૬॥ અંગોઅંગે એમ ગોપી, પરિપૂર્ણ થઈ પ્રીતમાં। સાધન તે હવે શું કરે, જેને કૃષ્ણ વિના ના'વે બીજું ચિત્તમાં ॥૭॥ મરજાદા મેલી થઈ ઘેલી, ઉન્મત્ત દશા આવી અંગે। તેણે કરી તન ત્રાસ ટળ્યો, મળ્યો પ્રાણ કૃષ્ણને સંગે ॥૮॥ આપ ગળ્યું મન મળ્યું, ટળ્યું કાયાક્લેશનું કરવું। એક સ્નેહ માંહિ સર્વે આવ્યું, અન્ય ન રહ્યું આચરવું ॥૯॥ પ્રીતની રીતને પ્રેમનું લક્ષણ, તેતો શિખવ્યું આવે નહિ। નિષ્કુલાનંદ નાવે કહિએ, સ્નેહી જનનો સ્નેહ સહિ ॥૧૦॥ કડવું ॥૩॥

પ્રીત કરી પ્રમદા તે પરસ્પર પડીજી, જગના જીવન સંગે મોબત જડીજી। ચિત્તે રંગ ચટકી તે ચોળની ચડીજી, નિત્યપ્રત્યે નવલો નેહ ઘડી ઘડીજી ॥૧॥ **ઢાળ –** ઘડિયે ઘડિયે ઘણો ઘણો, સનેહ વાધ્યો શ્યામશું। વણ દિઠે વળી વિલપે વનિતા, રહે ઉદાસી ધન ધામશું ॥૨॥ અર્ધ ક્ષણ રહી ન શકે, વણ દિઠે વદન વ્રજરાજનું। શેરિયે શેરિયે શોધે સુંદરી, લેશ ન લાવે વળી લાજનું ॥૩॥ માંહોમાંહિ વળી પુછે, બાઈ કૃષ્ણજી તે ક્યાં હશે। કોઈ બતાવો કાન મુજને, જોઉં મુખ કાંઈક લઈ મસે ॥૪॥ વન ભવન વાટ વીથિની, વળી જુવે જમુના તીર। અણ દિઠે અલબેલડો, કોઈ ધરી ન શકે ધીર ॥૫॥ વણ દિઠે ઘડી વીતે વસમી, જુગતુલ્ય પળ એક જાય। પ્રાણ ગતવત થઈ પડે, એમ ગરક સ્નેહમાંય ॥૬॥ એમ કરતાં આવિ અચાનક, જો દેખે દ્રગે દયાળને। પણ નાથ નયણે નિરખ્યા વિના, સ્નેહી ન કરે શરીર સંભાળને ॥૭॥ માંસ વિના શ્વાસ રહે, જન સ્નેહીના શરીરમાં। પ્રાણ જેના પડયા પરવશ, તેનાં નયણાં ભર્યાં રહે નીરમાં ॥૮॥ અતિ ઉદાસ નિઃશ્વાસ મુકે, અને સુકે નહિ નીર નયણે। હે સખા હે સુખકારી, એમ વદે વળી વળી વયણે ॥૯॥ પ્રીતની તો રીત એહવી, જેનું મન મોહનશું મળ્યું। નિષ્કુલાનંદ સ્નેહી જનનું, કારણ નવ જાયે કળ્યું ॥૧૦॥ કડવું ।૪।

**રાગ ગોડ મલાર –** પ્રીતની રીત છે જો ન્યારીરી; પ્રી૦। જેહની બંધાણી તેણેરે જાણી, બિજા ન જાણે લગારીરી ; પ્રી૦ ॥૧॥ ચકોર સ્નેહી ચંદ્ર વદનનો, વણ દિઠે દુઃખ ભારી। મીન સ્નેહી જાણોરે જળનો, પ્રાણ તજે વિન વારીરી; પ્રી૦ ॥૨॥ પ્રીત પતંગ પ્રાણ પાવકમાં, દેખત દગ દેત જારી। ચાતક સ્નેહી સદાયે સ્વાંતનો, મરે પિયુપિયુ પોકારીરી; પ્રી૦ ॥૩॥ પ્રીતિની રીત પ્રસિદ્ધ પ્રતીજે, કીજે તો કીજે વિચારી। નિષ્કુલાનંદ એવા સ્નેહીની સંગે, સદાય રહે છે મુરારીરી; પ્રી૦ ॥૪॥ પદ ॥૧॥

સ્નેહને વશ સદાય છે શ્રીહરિજી, ભાવે આવે ભૂતળ ભૂધર દેહ ધરીજી। તેતો પ્રેમિ જનને પ્રેમે કરીજી, ધન્ય ધન્ય પ્રેમે વ્રજજુવતી ભરીજી ॥૧॥ **ઢાળ –** ભરી પૂરણ પ્રેમમાં અંગે, અને રંગે રાતિ રાજને। સ્નેહમાંયે ન સુઝે કાંયે, તેણે ભૂલિ ભવનના કાજને ॥૨॥ ખાન પાનની ખબર ભૂલી, વળી વસ્ત્ર પહેરવાં વિસરી। આભૂષણ અંગે ધરે અવળાં, એમ શુદ્ધ ભૂલી નેહે કરી ॥૩॥ પય જમાવે જળપાત્રમાં, અને નીર ભરે ક્ષીર ઠામમાં। એમ સર્વે અંગે શુદ્ધ વિસરી, વળી ચિત્ત ન રહે ધન ધામમાં ॥૪॥ સુત વિત્ત ને સગાં સંબંધી, વળી એ ઉપરથી મન ઉતર્યું। જેહ જુવે તે એમ જાણે, કહે મન ચિત્ત આનું ફર્યું ॥૫॥ વળી ગોરસ મથતાં ગોપિકા, અને જુવે વા'લાની વાટરે। હમણાં આવે મને બોલાવે, એમ તલપે મોહન માટરે ॥૬॥ કસણ તૂટે કેશ છૂટે, તેને નેક ન રહે સંભાળવા। વત્સ છોડાવે ધેનુને ધાવે, તેને ન જાયે વાળવા ॥૭॥ વળી અગ્નિથકી અતિ ઉછળે, અને આવે ઉફાણે દુધ। પણ હરિ હેતમાં ચિત્ત ચોરાણું, તેહની ન લહે કાંયે શુદ્ધ ॥૮॥ લક્ષ લાગ્યો લાડિલાશું, અંતર મળ્યું અલબેલશું। રહી હેતે પ્રીતે હળી મળી, જેમ વૃક્ષ વિટ્યું વેલ્યશું ॥૯॥ રાત્ય દિવસ રહે રાતિ, અને માતિ પ્રેમમાં પ્રમદા। નિષ્કુલાનંદ નાવે નવધા, સમતોલ સ્નેહ ને સદા ॥૧૦॥ કડવું ॥૫॥

વળી વ્રજવનિતા પ્રેમે પરવશ થઈજી, રસિયાજી વિના રંચ નવ શકે રહીજી। કૃષ્ણ ક્યાં કૃષ્ણ ક્યાં જેને તેને પુછે જઈજી, એમ સ્નેહની સાંકળી શુદ્ધ ભૂલી ગઈજી ॥૧॥ **ઢાળ –** શુદ્ધ ભૂલી ગઈ શરીરની, વળી ગોવિંદને ગોતે ઘણું। આવો રસિયા આવો રૂડા, નિરખું હું મુખ તુજતણું ॥૨॥ વાટે ઘાટે પુછે વનિતા, વળી કોઈ બતાવો કૃષ્ણને। નાથ વિના નથી રે'વાતું, ઘણું દિલ દાઝેછે દષ્ણને ॥૩॥ ખોળતાં તે ખરી ખબર પામી, જાણ્યું વાલો સધાવ્યા વનમાં। કાંઈક મષ લઈ જાયે કેડે, એમ વિચાર્યું વળી મનમાં ॥૪॥ ગોરસ રસની ભરી ગોળી, વળી જાય મથુરાં મારગે, એહ મષે ચાલિ વાંસે, દયાળુને દેખવા દગે ॥૫॥ નાથજીને નિરખ્યા વિના, ઘણું દિવસ જાયે દોયલો। ભૂધરજીને ભેટે જ્યારે, ત્યારેજ સુખ દિન સોયલો ॥૬॥ હરિમુખ જોયે સુખ ઉપજે, વળી શાન્તિ વળે શરીરને। અસ્થિર મન તે સ્થિર થાયે, જ્યારે જુવે હલધર વીરને ॥૭॥ એમ પ્રીત પાવકે પંડ્ય પ્રજળ્યું, વળી વિરહમાં વિલખ્યા કરે। પ્રેમદોરિયે બાંધી પ્રમદા, વાલમને વાંસે ફરે ॥૮॥ શ્યામ વિના કાંઈ કામ ન સુઝે, વળી કળ ન પડે કોઈ। પિયુ વિના પળ પ્રેમીને, વળી વીતે તે વસમી સોઈ ॥૯॥ સ્નેહી જનને સુખ ક્યાંથી, જેના પ્રાણ પરને સાથ છે। નિષ્કુલાનંદ પ્રેમી જનનું, જીવિતવ્ય હરિને હાથ છે ॥૧૦॥ કડવું ॥૬॥

વ્રજ વનિતાના પ્રેમને જોવા વળીજી, વાલ્યમે વગાડિ વનમાંયે વાંસળીજી। સુણી સર્વ સુંદરી મોહનને જઈ મળીજી, એક રહી આવરી નવ શકી નિકળીજી ॥૧॥ **ઢાળ –** નિકળી નવ શકી સુંદરી, ગોપી ઘેરીને ઘાલી ઘરમાં। દેહ ગેહમાં ગ્રહિ ઘાલ્યું, પણ પ્રાણ કાંઈ છે તેના કરમાં ॥૨॥ તેહને વિરહ ઉપન્યો અંગમાં, વળી વિયોગ રોગ વાધ્યો ઘણું। આ સમે હું તો રહી અમથી, અહો અભાગ્ય એવું મુજતણું ॥૩॥ એમ સ્નેહમાં શોચે ઘણું, વનિતા કહે રહી વાંસળ્યે, પછી મેલ્યું દેહ મંદિરમાંયે, પ્રાણ પો'તા પિયુને પાસળ્યે ॥૪॥ એહ રીતે પો'તી અબળા, મોહનજી સંગે જૈ મળી। ભૌતિક દેહનું ભાન ભૂલી, અતિવાક્ય દેહ પામી વળી ॥૫॥ પ્રેમી જનનું એહ પારખું, પ્રિતમ વિના પળમાં મરે। પિયુ વિયોગે પ્રાણ રહે, તે સ્નેહ શઠ સાને કરે ॥૬॥ પ્રીતની તો રીત એહવી, જેના પ્રીતમ સાથે પ્રાણ છે। જીવન વિના જરૂર જેને, પંડ્ય પાડવું પ્રમાણ છે ॥૭॥ ધન્ય એ નારી પ્રેમ પ્યારી, જેણે વા'લા વિયોગે તન ત્યાગિયું। અલ્પ સુખની આશા મેલી, મન મોહનજીશું લાગિયું ॥૮॥ એવા જનથી અર્ધ ઘડી, વાલમ ન રહે વેગળા। હેતે હળ્યા રહે મળ્યા, જો અંગે હોય કોયે અબળા ॥૯॥ શું થાયે કૈયે હેત જો હૈયે, અને પ્રેમ વિના તો સુકું સરે। નિષ્કુલાનંદ સર્વે સાધન, સ્નેહી સમતા કોણ કરે ॥૧૦॥ કડવું ॥૭॥

જેને અંગે રંગ ચડિયો સ્નેહનોજી, પ્રીતે જો પ્રીતમશું પ્રાણ મળ્યો જેહનોજી। અંતરે અભાવ ન થાય તેને તેહનોજી, જો પ્રીત રીતે પાત થાય આ દેહનોજી ॥૧॥ **ઢાળ –** દેહતણે દુઃખે કરીને, દલગીર ન થાયે દલમાં। દરદ દુઃખે દોષ હરિનો, પરઠે નહિ કોઈ પલમાં ॥૨॥ ગુણ ગ્રે'વા વળી ગોપિકાના, જેને અભાવ કોઈ આવ્યો નહિ। સર્વે અંગે સુખકારી, શ્યામળાને સમઝી સહિ ॥૩॥ જેનાં પય પિધાં મહી લીધાં, વળી ફોડી ગોરસની ગોળીયો। વાટે ઘાટે ઘેરી ઘરમાં, જેને લાજ તજાવી રંગે રોળીયો ॥૪॥ વેણ વજાડિ વ્રેહ જગાડી, વળી વનમાં તેડી વનિતા। તરત તિયાં તિરસ્કાર કીધો, તોય ન આવી અંતરે <u>૨</u>અસમતા ॥૫॥ કોઈ વાતે કૃષ્ણ સાથે, અવગુણ ન આવ્યો અંતરે। દિન દિન પ્રત્યે પ્રેમ પ્રગટ્યો, નિત્ય નિત્ય નવો નિરંતરે ॥૬॥ રાસ રચિ ખેલ મચિ, વળી <u>૩</u>વિછોઈ ગયા વનમાં। રોઈ રોઈ ખોઈ રજની, તોય ક્ષોભ ન પામી મનમાં ॥૭॥ નાથ નાથ મુખ ગાથ ગાતાં, વળી વિયોગે વિલખે ઘણી। તોયે હરિનો દોષ ન પરઠે, એવી રીત જો પ્રીત તણી ॥૮॥ પ્રીતને મગે પગ પરઠી, વળી પાછી ન ભરી જેને પેનિયો। શિશ સાટે ચાલી વાટે, ખરી પ્રીત પૂરણ તેનીયો ॥૯॥ લાગી લગન થઈ મગન, વળી તગન કર્યાં તન સુખજી। નિષ્કુલાનંદ સ્નેહી સમતોલ, કહે કવિ જન કોણ મુખજી ॥૧૦॥ કડવું ॥૮॥

**પદરાગ મારૂ –** સ્નેહને રે સમાન, ના'વે કોઈ સ્નેહને રે સમાન। રાગી ત્યાગી ને તપસ્વીરે, વળી ધરે વન જઈ ધ્યાન; ના'વે ૦ ॥૧॥ જોગ જગન બહુ જજતાંરે, તજતાં તેનું મને માન। તજી ઘરવાસ ઉદાસ ફરે કોય, કરે તીરથ વ્રત દાન; ના'વે ૦ ॥૨॥ માળા તિલક ધરે ફરે ફકત, નખ શિખા વધારી નિદાન। કરે અટન રટન નિરંતર, વળી કરે ગંગાજળ પાન; ના'વે ૦ ॥૩॥ સ્નેહ નહિ જેને નાથશુંરે, શું થયું કરતાં

રે જ્ઞાન । નિષ્કુલાનંદ સ્નેહી જનને, વશ સદા ભગવાન; ના'વે ૦ ॥૪॥ પદ ॥૨॥

સ્નેહ સાંકળે પલાંણી છે પ્રમદાજી, તેહને અંતરે નહિ કોઈ આપદાજી । સ્નેહે શ્યામળીયા સંગે ડોલી સદાજી, હળી મળી હરિશું રહી અતિ મન મુદાજી ॥૧॥ **ઢાળ –** મુદા સદાયે મનમાંયે, જાયે અહરનિશ એણીપરે । રંગ રાતી મન માતી, ગાતી ગોવિંદ ગુણ ઘરે ઘરે ॥૨॥ વળી વન વાટે ઘરે ઘાટે, દિયે દયાળુ દરશન દાન । નાથ નિરખી હૈયે હરખી, વળી રહે મને ગુલતાન ॥૩॥ હરતાં ફરતાં કામ કરતાં, હરિ અચાનક આવી મળે । મગન રે'તાં સુખ લેતાં, એમ પ્રેમ આનંદમાં દિન પળે ॥૪॥ હસતાં રમતાં જોડે જમતાં, વળી વીતે ઘડી ઘણું સુખની । પળે પળે પ્રેમ પ્રગટે, જોતાં શોભા શ્રીહરિ મુખની ॥૫॥ હાસ વિલાસ હરિની સાથે, વળી કે'વું સુણવું તે કાનને । તાળી વળી લેવી તેહશું, ત્રોડવું હરિશું તાનને ॥૬॥ રાત દિવસ વીતે રંગે, વળી અંગે આનંદ અતિ ઘણું । સંસાર સુખની ભૂખ ભાગી, જોતાં મુખ જીવનતણું ॥૭॥ વિયોગની વળી વાતને, કોયે સ્વપ્ને પણ સમઝે નહિ । એહ રીતે પ્રીત વાધી, સ્નેહની અતિશે સહિ ॥૮॥ પ્રીતની રીતને પરખવા, એક સમયને વિષે શ્રીહરિ । મથુરાં જાવાનું મન કીધું, ઈચ્છા એવી ઉરમાં ધરી ॥૯॥ ઘણા દિવસ ગોપી સંગે, રંગે રમિયા રસબસશું । નિષ્કુલાનંદ સ્નેહ જોવા, વા'લો કે' વેગળા વસશું ॥૧૦॥ કડવું ॥૯॥

વેગળા ગયા વિના પ્રીત ન પ્રિછાયજી, વા'લ્યમે વિચાર્યું એવું મનમાંયજી । અલબેલે માંડ્યો પછી એહ ઉપાયજી, અક્રુર આવિયા તેહ સમે ત્યાંયજી ॥૧॥ **ઢાળ –** તેહ સમે અક્રુર આવ્યા, અને રથ લઈ રૂડા રૂપને । રામ કૃષ્ણને તેડવાને, મોકલ્યો કંસાસુર ભૂપને ॥૨॥ આવીને છોડયો આંગણે, નંદરાયને નિરધાર । ગોપી વળી ટોળે મળી, વળી કરેછે વિચાર ॥૩॥ આ દિન મોર્યે આવો કોઈ, નંદ ભવને નથી જો આવિયો । બાઈ ગામ નામ પુછો એહનું, આ શે અર્થે રથ લાવિયો ॥૪॥ બાઈ સગો નહિ એ શત્રુ છે કોઈ, નંદ યશોદા ગોપને । નિશ્ચે કાંઈક નવું નિપજશે, તમે દેખજો દૈવના કોપને ॥૫॥ જાવો બાઈ જુવો જૈને, સુણજો વળી એની વાતડી । વા'લો થઈ કોઈ વૈરિ વસે, આવ્યો એ કરવા ઘાતડી ॥૬॥ કોરે તેડી બાઈ કૃષ્ણને, વળી વાત કરો વાલપવડે । હેત દેખાડી રાખો સંતાડી, જે નજરે એને નવ પડે ॥૭॥ વ્રજજનનું જીવન જેહી, તેની જતન ઝાઝી કિજીયે । વિઘન માંયથી વા'લી વસ્તુ, બાઈ બચાવિને લીજીયે ॥૮॥ એમ આકુળ વ્યાકુળ થાય અબળા, માંહોમાંહિ મનસુબો કરે । આતો આવ્યો કાળરૂપે કોય, રખે પ્રાણ બાઈ આપણા હરે ॥૯॥ પછી ગોપીયે તેની ગમ્ય કાઢી, બાઈ અક્રુર એનું નામ છે । નિષ્કુલાનંદના નાથ સાથે, કાંઈક એને કામ છે ॥૧૦॥ કડવું ॥૧૦॥

આવ્યો અક્રુર એ ખબર પામી ખરીજી, કાંઈક કપટ ભીંતરે આવ્યો ભરીજી । કોરે જઈ કૃષ્ણને કાંઈક વાત કરીજી, તેહ નથી કે'તા હૈયાનું આપણને હરિજી ॥૧॥ **ઢાળ –** હરિ હલધર હૈયા કેરી, વળી વાત નથી વરતાવતા । પણ અક્રુર સાથે એકાંત કીધી, તેહની થાય ચિત્તમાં ચિંતા ॥૨॥ કોણ જાણે બાઈ કેમ કરશે, કળ પડતી નથી કાંય । પુછો જઈ પ્રાણ-જીવનને, શું છે એના બાઈ મનમાંય ॥૩॥ એમ કરતાં અક્રુરના, મનનો તે મર્મ જાણિયો । શ્રીકૃષ્ણજીને તેડવાને, એણે રથ આંઈ આણિયો ॥૪॥ એવું સુણીને અબળા, અતિ અકળાણી અંતરે ઘણી । જેમ પ્રાણ રહિત વત પુતળાં, એવી ગત્ય થઈ ગોપીતણી ॥૫॥ લડથડે કોઈ પડે પૃથ્વી, એમ શુદ્ધ ન રહી શરીરની । શ્યામ સધાવ્યાનું શ્રવણે સુણતાં, નિંક નયણે ચાલી નીરની ॥૬॥ વલવલી ટોળે મળી, વળી વનિતા કહે કેમ કરશું । જીવન જાતાં અંતરે આપણે, ધીરજ કઈ પેરે ધરશું ॥૭॥ આવ્યો અક્રુર કાળરૂપે, હમણાં પ્રાણ લઈને હાલશે । પછી સ્નેહનું જે સુખ સજની, તે સમે સમે ઘણુ સાલશે ॥૮॥ ગયું ધન જોબન દિન જે, તે પાછું નથી કોઈ પામતાં । એમ આપણે થાશે અબળા, હરિ હીરો વામતાં ॥૯॥ નિરધન થાશું નાથ જાતાં, પછી ઓશિયાળાં રે'શું અંગે । નિષ્કુલાનંદના નાથ સાથે, હવે ક્યાં થકી રમશું રંગે ॥૧૦॥ કડવું ॥૧૧॥

અહો કષ્ટ અચાનક આવિયોજી, જ્યારે હરિવરને કંસે બોલા-વિયોજી । મથુરાંની નારીનો દાવો બાઈ ફાવિયોજી, આપણે તો લેખ એવો જો લખાવિયોજી ॥૧॥ **ઢાળ –** લેખ લખતાં ભૂલ્યો તું બ્રહ્મા, અને અકલ ગઈ તારી ઉચળી । જોડ્ય જોડિ નાખેછે ત્રોડી, તારી અસત મત્ય એવી વળી ॥૨॥ વિવેક હોય જો વિધિ તુંમાં, તો એવું ન

કરે કોઈ દિને । જોગ મેળી દેછે ઉબેલિ, તેની મે'ર નથી તારે મને ॥૩॥ મન ગમતું સુખ મેળવીને, વળી વિછોહ પાડછ વળતો । માટે મૂરખ મોહોટો ભાઈ, નથી કોઈ તુંજ ટળતો ॥૪॥ જેમ કલ્પાંકરે કાંઈ કરિયાં, ઘણાંઘણાં રચે ઘર ઘોલિયાં । રમતાં રમતાં રોષ ઉપનો, તારે ભાંગતાં તે કાંયે ભુલિયાં ॥૫॥ તેહ માટે તુંને બ્રહ્મા ભાઈ, ઉપમા તે એહની આપિયે । હરિવર તેં આપ્યો અમને, તો અસન પેઠે ન ઉથાપિયે ॥૬॥ હોંસ અમારી હૈયાં કેરી, નથી પુરી કરી નાથને । વાલાથી કેમ કરેછે વેગળાં, એવો વેરી થયો શું વ્રજસાથને ॥૭॥ નયણે નિરખતાં નાથને, જેહ મટકે કરી પાંપણ મળે । તેહજ બ્રહ્મા ભૂલ્ય તારી, કાંરે ભાઈ તું નવ કળે ॥૮॥ એટલી ખોટ તે ખરખરે, તો વેગળે મન કેમ વાળીયે । તેહ માટે ભાઈ કહ્યું તુંજને, દયા દલથી નવ ટાળીયે ॥૯॥ કૃષ્ણ વિના કેમ કરીને, વળી વિકટ ઘડી વામશે । નિષ્કુલાનંદનો નાથ ચાલતાં, પ્રાણ પ્રીતે દુઃખ પામશે ॥૧૦॥ કડવું ॥૧૨॥

**પદરાગ મેવાડો –** મથુરાં મ જાશો રે પ્રિતમ પાતળારે, નાખિ અમને નોધારાં મારા નાથ । જરૂરને જાવું રે હોય તિયાં તમનેરે, તો લેજો શ્યામળા અમનેરે સાથ; મથુરાં૦ ॥૧॥ પ્રીત કરીને રે પિયુજી મા પરહરોરે, રાખો પ્રિતમ અમનેરે પાસ । અળગાંને રે'તાંરે અધીર અતિ અમનેરે, વણ દિઠે રહે અંતર ઉદાસ; મથુરાં૦ ॥૨॥ જેમ મણિ વિના ફણિરે અણ દિઠે આંધળોરે, વળી કોઈ લિયે લોભિનું ધન । વણ મૃત્યુએ મૃત્યુ તેને માનવુંરે, જેનુ કાંઈ જાતું રહ્યું છે જીવન; મથુરાં૦ ॥૩॥ જળવાસી જીવરે જ્વાળામાં જીવે નહિરે, અમારે છે તમ વિના હરિ તેમ । નિષ્કુલાનંદનારે સ્વામીજી સુજાણ છોરે, અજાણ જે હોય તેને કે'વું એમ; મથુરાં૦ ॥૪॥ પદ ॥૩॥

પિયુ પરિયાણિયા મથુરાં જાવા માવજી, રથે બેઠા રસિયો અંતરે છે ઉછાવજી । આપણ ઉપરથી ઉતરિયો ભાવજી, પિયુ વિના પ્રમદા લેશું કેશું લાવજી ॥૧॥ **ઢાળ –** લાવો લેતાં લાડિલાશું, ઘણું આનંદે ઘડી નિગમતાં । દિન જાતા વદન જોતાં, વળી રજની જાતી એશું રમતાં ॥૨॥ એહ સુખ બાઈ ક્યાંથી સાંપડે, અક્રુર મૂલે આવિયો । પ્રાણ લેવા પાપિયો, આ રથ જોને લાવિયો ॥૩॥ જાદવકુળના વૃદ્ધ વે'લા, આને મોર્યે બહુ મરી ગયા । આપણે ભાગ્યે અક્રુર જેવા, વેરી કેમ વાંસે રહ્યા ॥૪॥ બાઈ ઘણા દિવસનો જે હોય ઘરડો, તેને મે'ર ન હોય મનમાં । નિર્દય હોય દગ્ધ દિલનો, બાઈ ત્રાસ ન હોય તેના તનમાં ॥૫॥ હમણાં રથને હાંકશે, બાઈ ધાઈને આડાં ફરજો । આ જો લુંટી જાયે અમને, એમ પ્રગટ પોકારજો ॥૬॥ માત તાત સુત સંબંધીની, વળી લોકની લાજ મ લાવજો । મરજાદા મુકી રથને રોકી, વળી વા'લાને વાળી લાવજો ॥૭॥ જેહ લાજમાં બાઈ કાજ બગડે, તે લાજને શું કીજીયે । પ્રિતમ રે'તાં જો પત્ય જાયે, તો જોકશું જાવા દીજીયે ॥૮॥ પ્રેમને બાઈ નેમ ન હોય, જેના પ્રાણ પ્રીતમશું મળ્યા । લોકલાજ વેદવિધિ કર્મ, તેતો તેને કરવાં ટળ્યાં ॥૯॥ એટલા માટે આપણે, રાખો રસિયાનો રથ રોકીને । નિષ્કુલાનંદનો નાથ સજની, કેમ જાશે વિલખતાં મુકીને ॥૧૦॥ કડવું ॥૧૩॥

આ વૃદ્ધ સઘળાની મત વામી ગઈજી, નંદ યશોદાની અકલ કાંઈ ન રહીજી । શું એને આપણે સમઝાવિએ કહીજી, એણે કોઈ વિચાર અંતર કર્યો નહીજી ॥૧॥ **ઢાળ –** વિચાર ન કર્યો વ્રજવાસીએ, તેમ વિઘ્ન પણ કોઈ નવ પડ્યું । કેમ કરી રહે કૃષ્ણ બાઈ, અપરાધ આપણું આવી નડ્યું ॥૨॥ આ સમે કોઈ મરે અચાનક, તો કૃષ્ણ રહે તેહ કારણે । મોડાં વે'લા મરશે ખરા પણ, આજ મરે તો જાઉં વારણે ॥૩॥ અન્ય ઉપાયે અલબેલડો, વળી નથી રે'વા કોઈ રીતડી । અહો બાઈ અભાગ્ય આપણાં, પિયુ ત્રોડી ચાલ્યા પ્રીતડી ॥૪॥ આ જો રથે બેઠા રસિયો, વળી ખેડાવિયો પણ તે ખરો । ધ્રોડો બાઈ જાઈએ ધાઈ, વનિતા વિલંબ જો મા કરો ॥૫॥ બાઈ રોકી રાખીએ રથને, વળી વા'લાને પાછા વાળીયે । સાન કરીને કહીયે હરિને, પિયૂ પ્રિત તો નવ ટાળિયે ॥૬॥ એમ ટોળે મળો વિંટી વળો, મેલી માનિની મરજાદને । જીવન જાતાં નથી ખમાતું, મર લોક કરે અપવાદને ॥૭॥ મર જણાયે આ જગતમાંહે, હવે શીદને શાન્તિ રાખશું । છાનું છે તે મર થાય છતું, આજ નેક ઉઘાડું નાખશું ॥૮॥નિંદક જન મર નિંદા કરે, વળી દુરિજન મર દાઝતાં । કૃષ્ણ ધણી મારો કૃષ્ણ ધણી, એમ કે'શું મુખે ઘણું ગાજતાં ॥૯॥ લોક મળી વળી ચળી કે'શે, તેતો સાંભળી રે'શું શ્રવણે । પણ નિષ્કુલાનંદના નાથની, બાઈ ખોટ્ય ન ખમાયે આપણે ॥૧૦॥ કડવું ॥૧૪॥

અબળાનો આશય અલબેલે ઓળખીજી, વિયોગે વનિતા દીઠી અતિશય દુઃખીજી । પ્રમદાના પ્રાણ નહિ રહે મુજ પખીજી, કહું એને કાંઈક ધીરજ ધારે સખીજી ॥૧॥ **ઢાળ** — ધીરજ ધારો કૃષ્ણ કહે, સહુ દેખતાં મ કરો શોર । હેત રાખો હૈયામાંહે, બા'રે મ કરો બકોર ॥૨॥ મારે તમારે પ્રીત છે તે, છાનિ છપાડિને રાખિયે । લાજ જાય ને હાંસી થાયે, એવું ભેદ વિના કેમ ભાખીએ ॥૩॥ લોક મુજને એમ લેખે, છે બ્રહ્મચારી ભગવાન । આજ લાજ તે ખોઈ ખરી, મારૂં મોંડિયું તમે માન ॥૪॥ તમ સાથે મેં સ્નેહ કીધો, તેતો હળવું થાવા હેસખી । પણ સ્ત્રી હોય આપ સ્વારથી, એમ સર્વે શાસ્ત્રમાં લખી ॥૫॥ પ્રીતનું આજ ફળ પ્રગટ્યું, મને છાના ને છતો કર્યો । સ્નેહ કરતાં તમ સાથે, અંતે અર્થ એ નિસર્યો ॥૬॥ હજી કહુંછું જે કેણ માનો, અને જાઓ વળી ઘેર જુવતી । એકવાર આપણ મળશું, હૃદે રાખજો સ્નેહ સતી ॥૭॥ એમ ધીરજ દિધી વાત કીધી, તમે પ્યારી છો મને પ્રાણથી । તમ વિના ત્રિલોકમાંહિ, વા'લું તે મને કોઈ નથી ॥૮॥ હુંતો વશ છઉં હેતને, સાચું કહુંછું સુંદરી । હું છઉં જેને તે છે મારે, એતો વાત અંતે છે ખરી ॥૯॥ પ્રેમની દોરિયે પ્રમદા, હુંતો બંધાણો બેઉ હાથજી । એમ કહિને ચાલિયા, નિષ્કુલાનંદનો નાથજી ॥૧૦॥ કડવું ॥૧૫॥

હરિવર હાલિયા મથુરાં મારગેજી, જુવે રુવે જુવતી ઉભી રહી એક પગેજી । નયણે ન મળે પળેપળે જળ વહે દોય દ્રગેજી, રથ જાતાં રસિયાનો દીઠોછે દૂર લગેજી ॥૧॥ **ઢાળ** — દૂર લગી તો રથ દીઠો, પછી ખેહ તેહ રહી જોઈ । જ્યારે નયણે ગરદ ન દીઠી, ત્યારે પડી પૃથવીએ રોઈ ॥૨॥ જેમ પ્રાણ જાતાં પંડને, અતિશય પીડા ઉપજે । એવી ગત્યને પામી ગોપીકા, જાણે તન તજ્યું કે તજે ॥૩॥ શુદ્ધ ન રહી શરીરની, મૂર્છા ખાઈ પડી માનિની । ઉઠી ન શકે અવનિ થકી, વળી ભૂલી દશા દેહભાનની ॥૪॥ હંસ ગયો હરિની સાથે, રહ્યું દેહ તેહ પડી પૃથવી । જેમ દોરી તુટી દારુકની, ચાલ્ય રહિત પુતળી હવી ॥૫॥ એવી અવસ્થા પામી અબળા, વળી શ્યામળીયો સધાવતાં । વણ દરદે દરદ વ્યાપ્યું, લાલશું લેહ લગાવતાં ॥૬॥ એટલા પછિ અંગ સંભાળી, અને ઉઠી સર્વે અબળા । માંહોમાંહિ મળી વળી કહે જે, નાથજી પાછા નવ વળ્યા ॥૭॥ અહો આ શું થયું બાઈ, હવે ભૂધરને કૈયે ભાળશું । સદનમાંહી સખી આપણે, શું જોઈને મન વાળશું ॥૮॥ ઘેર જાતાં ચરણ ન ચાલે, આઘી ચાલીને પાછી વળે । પછી પગલાં જોઈને પિયુજીનાં, વારંવાર તિયાં ટળવળે ॥૯॥ રજ લઈ લઈ મસ્તક મુકે, વળી વળી કરે બહુ વંદના । વે'લા વળજો વા'લા મારા, નાથ નિષ્કુલાનંદના ॥૧૦॥ કડવું ॥૧૬॥

**પદરાગ મલાર** — બાઈ પ્રીત કરતાં પ્રીતમશું, જ્યારે પીડાયે પંડ। ઓષડ એનું એકોઈ ન મળેરે, જો ભમિયે બ્રહ્માંડ; પ્રીત૦ ॥૧॥ બાઈ મીન જળે જ્યારે જળમાં, ત્યારે ઠરે કોણ ઠામે । ચકોર દુઃખી થયો ચંદ્રથીરે, ત્યારે ક્યાં સુખ પામે; પ્રીત૦ ॥૨॥ બાઈ ચકવો દુઃખ પામ્યો દિનેશથી, પિયૂષથી માનવી । કોણ ઉપાય હવે કીજિયેરે, ગજ જળિયો જાહ્નવી; પ્રીત૦ ॥૩॥ એમ નિષ્કુલાનંદના નાથથી, પીડા આપણે પામી । શું કરીયે હવે સજનીરે, આશા ઉગર્યાની વામી; પ્રીત૦ ॥૪॥ પદ ॥૪॥

એમ વળી વનિતા વિલખી પાછી વળીજી, ચરણ ન ચાલે ધરણિયે પડે ઢળીજી । અંબર આભૂષણ સંભાળવા શુદ્ધ ટળીજી, વાયદો વાલાનો કોઈ ન શકી કળીજી ॥૧॥ **ઢાળ** — કળી ન શકી જે કૃષ્ણે કહ્યું, તેને વિચારવા વનિતા મળી । શું કહ્યું બાઈ શ્યામળે, ક્યારે આવશે વ્રજમાં વળી ॥૨॥ અચેત હતી સહુ આપણે, પ્રિછ પડી નહિ તેહ પળમાં । કાંઈક કુડું સાચું સજની, કહ્યું છબિલે છળમાં ॥૩॥ એણે કહ્યું એકવાર મળશું, એમાં કપટ કાંઈક છે સહિ । એકવાર તે કોણ જાણે કૈયે, એનો કાંઈ નિરધાર નહિ ॥૪॥ બાઈ જાતાં જાતાં જુઠું બોલ્યા, અને કોલ બોલ કુડા કર્યા । નખશિખ લગી નાથ બાઈ, ઘણું છબિલોજી છળમાં ભર્યા ॥૫॥ હાથ ન આવે હવે હરિ, ખોઈ બેઠાં ખરી મીરાંથજી । મણિ ચોરાણી મળે નહિ બાઈ, પિયુ ગયા પરને હાથજી ॥૬॥ શુકન જુવો સહુ મળીને, અલબેલોજી કૈયે આવશે । પોતે પધારશે પ્રેમશું કે, આપણને ત્યાં તેડાવશે ॥૭॥ એમ માંહોમાંહિ મળી વળી, મનસુબો કરે મનમાં । એમ વિલખી વિલખી વનિતા, પછી ભામિની ગઈ ભવનમાં ॥૮॥ તિયાં મહી માખણ દુધ દેખી, ઘણો શોક કરી રૂવે સુંદરી । હવે ગિરિધર વિના ઘરમાં, આ પિશે કોણ પ્રેમે કરી ॥૯॥ અંતર પ્રીતને ઉપર કે'તાં, લાજ લોકની વળી લાવતાં । નિષ્કુલાનંદના

નાથને બાઈ, કાંઈ મષ લઈને બોલાવતાં ॥૧૦॥ કડવું ॥૧૭॥

વનિતાને વેદના વ્યાપી વિયોગનીજી, પણ વીતે પંડ્યને વણ રોગે રોગનીજી । કરે અતિ જંખના શ્યામ સંયોગનીજી, ભૂલી ગઈ ભામિની ભવવૃત્તિ વૈભોગનીજી ॥૧॥ **ઢાળ –** ભવ વૈભવની ભૂલી વૃત્તિ, જેની સુરતિ લાગી લાલશું । રહે ઉદાસી થઈ નિરાશી, મન મોહે નહિ ધન માલશું ॥૨॥ જેહનું પ્રીતે ચિત્ત ચોરાણું, અને ઈશક લાગી જેના અંગમાં । તેનું માશુક વિના મન બીજે, રાચ્યું નહિ કોઈ રંગમાં ॥૩॥ બોલ્યું ન ગમે બીજું તેહને, પ્રિતમના ગુણગાન પખી । અન્ય કથા કાને સુણતાં, દાઝે દલ ને થાય દુઃખી ॥૪॥ જેમ મીનને નેક નીર વિના, વળી ક્ષીરે ક્ષણું સુખ નવ વળે । તેમ પ્રેમી જનને પિયુ વિના, અન્ય ઉપાયે અંતર જળે ॥૫॥ જેનું પ્રેમબાણે પ્રાણ પ્રોયું, ભાવભલકે ભિંતર ભેદિયું । તેહને તે જંપ ક્યાંથી હોય તનમાં, જેનું રંગ ને રૂપ છેદિયું ॥૬॥ ફરે ઉદાસ મૂકે નિશ્વાસ, પાસે નથી પિયુ જેહને । ઉન્મત્તવત ગતિ હોયે અંગની, અન્ય જન ન જાણે તેહને ॥૭॥ એવા ભાવને પામી અબળા, હરિ વિયોગે વળી વિરહિણી । પિયુપિયુ પોકાર કરતાં, વણદીઠે પ્રિતમ વિલખે ઘણી ॥૮॥ લોહી માંસ ને લાલી મુખની, હરિ જાતાં એટલું હરિ ગયા । અસ્થિ ત્વચા ને પ્રાણ પ્રેમીનાં, વળતાં તનમાં તે રહ્યાં ॥૯॥ પ્રાણને પિયુ વિયોગે, પ્રેમી ન રહે રાખીને । નિષ્કુલાનંદના નાથને, જાણું જોશું ક્યારે કરી ઝાંખીને ॥૧૦॥ કડવું ॥૧૮॥

એમ વિયોગ રોગ તે વનિતાને વાધિયોજી, જેનો પ્રાણ પ્રિતમશું બાંધિયોજી । જેણે શ્યામ સાથે સ્નેહડો સાંધિયોજી, પ્રમદાના પ્રેમનો પાર નવ લાધિયોજી ॥૧॥ **ઢાળ –** પાર ન લાધ્યો પ્રેમ કેરો, વળી સુંદરીના સ્નેહનો । પ્રેમવશ પરવશ થઈ, ન કર્યો સંભાળ જેણે દેહનો ॥૨॥ જળ ભરવા જાયે જુવતી, સ્થળ સ્થળ પ્રત્યે થોભે ઘણું । ઈયાં રહી મારી આળ કરતા, ઈયાં તાણ્યુંતું અંબર અંગતણું ॥૩॥ ઈયાં મુજને આડા ફરતા, ઈયાં રોકી મુજને રાખતા । હેત દેખાડી લોભ લગાડી, ઈયાં ફંદમાં મને નાખતા ॥૪॥ ઘડો ચઢાવી ઘણા હેતે, વળી સાનમાં સમઝાવતા । કોયે ન જાણે જન બીજો, એમ મંદિર મારે આવતા ॥૫॥ એવાં સુખ સંભારતાં, વળી હૃદયે ભરાય છે રોદને, એકાંત જાઈ રુવે અબળા, કરી વિલાપ ઉચ્ચે વદને ॥૬॥ રોઈ રોઈને રાતાં કરે, લોચન લાલ ગુલાલરે । સ્નેહ સાલે શરીરમાંયે, જેને વા'લા સાથેછે વા'લરે ॥૭॥ ઘણીવાર જાણી ભરે પાણી, વળી વનિતા પાછી વળે । રહે આતુરતા અંતરમાંયે, જાણે મોહનજી ક્યારે મળે ॥૮॥ ઘટ ગાગર સોતી ઘેર પો'તી, વિસરતો નથી વિયોગ વળી । ભાર ન ગણે ઉભી આંગણે, જાણિયે પ્રાણ વિનાની પુતળી ॥૯॥ સ્નેહ એનો હું શું કહું, જેને પિયુશું પૂરણ પ્રીત છે, નિષ્કુલાનંદ નથી કે'વાતું, જથારથ જેવી એની રીત છે ॥૧૦॥ કડવું ॥૧૯॥

એ દિન જાયે બહુ દિલ દાઝતાંજી, ભૂલી શુદ્ધ ભામિની હરિ સંગે હેત બાંધતાંજી । વિયોગે વિલખે રુવે ધુમ મષે રાંધતાંજી, એમ અહોનિશ વીતે પિયુને આરાધતાંજી ॥૧॥ **ઢાળ –** અલબેલાને આરાધતાં, અતિ વ્યાકુળ થાયે વનિતા । જાણે જાઉં વનમાં જીવન હશે, એમ અંતરે થઈ આતુરતા ॥૨॥ ગોરસ રસ ભરી ગોળીયે, મહી વેચવાનો મષ લઈ । પછી કુંજકુંજમાં કામિની, જીવનને ગોતે જઈ ॥૩॥ ક્યાં હશે બાઈ કૃષ્ણ કહોને, એમ માંહોમાંહિ પુછે મળી । જ્યારે ખબર ન પામે ખોળતાં, ત્યારે વલવલે વિલખે વળી ॥૪॥ કહે આજ વનમાં ક્રિડા કરતા, કહે આજ વનમાં રાસ રમિયા । તેહજ વનમાં જીવન જાતાં, સર્વે સ્થળ ખાવા થયાં ॥૫॥ જેમજેમ વન જુવે જુવતી, તેમતેમ કૃષ્ણ સાંભરે । વિરહ વાધે અંગ બાધે, પછી આંખડિયે આંસુ ઝરે ॥૬॥ સજ્જન થોડા સાલે શરીરે, અંગે સાલે ઘણાં એધાંણ । સંયોગમાં એ નવ જણાએ, પણ વિયોગે વિલખે પ્રાણ ॥૭॥ એમ વૃક્ષ વેલી વન સરવે, ઘણું શોધતાં સંધ્યા પડે । પણ કૃષ્ણ વસે મથુરાં માંહિ, તે વનમાં જોતાં કેમ જડે ॥૮॥ એમ વન જોઈને જુવતી, વળી ભવન આવી ભામિની । રાજ વિના કાંઈ કાજ ન સુઝે, જેને લાગી લગન શ્યામની ॥૯॥ પ્રાણ પ્યારાની પ્રિત લાગી, તેણે ત્યાગી તનની આશ જો । નિષ્કુલાનંદ એહ સ્નેહે નારી, પડી પ્રેમને પાશ જો ॥૧૦॥ કડવું ॥૨૦॥

**પદરાગ આશાવરી –** પ્રાણ મરે જો પ્રિતમ વિના, વળી પિયુ વિયોગે પે'લા જાજોરે । મગન થઈને હું માગુછું મનમાં, એવું બાઈ મારે થાજોરે; પ્રાણ૦ ॥૧॥ સખીરે મણિ નિગમતાં મણિધર જીવે, તેને તે સુખ સખી કયુંરે । ધનહારી નિર્ધન નર રે'તાંરે, તેને સુખ રતિ ક્યાં

રહ્યુંરે; પ્રાણ૦ ॥૨॥ સખીરે જત ગયા પછી જતી મરે જો, સત ગયા પછી સતીરે । પત ગયા પછી કોય મરે જો, નગર ગયા પછી નગરપતિરે; પ્રાણ૦ ॥૩॥ સખીરે ફળ રહિત રંભા જે કોયે રહે, તેતો અર્થ શે આવેરે । નિષ્કુલાનંદના નાથ વિયોગે, માગ્યું મોત ક્યારે ન આવેરે; પ્રાણ૦ ॥૪॥ પદ ॥૫॥

એમ અબળા અકળાય અતિ ઘણુંજી, મન કરે મોહનમુખ જોવા તણુંજી । વણ દીઠે વા'લમ અંતર સુખ નહિ અણુંજી, મેલી નિઃશ્વાસ ધિક્કારે આપ્યું ઘણુંજી ॥૧॥ **ઢાળ –** આપણો અવગુણ પરઠી, અબળા મુખે એમ ઉચ્ચરે । અહો બાઈ કૃષ્ણ વિના, હેત આપણે એવું કોણ કરે ॥૨॥ જેદિ અસન હતાં બાઈ આપણે, પિયુસુખને નવ પ્રિછતાં । અસત્ય સત્યને ઓળખ્યા વિના, વળી અનેક વસ્તુને ઈચ્છતાં ॥૩॥ ખબર નહોતી ખોટ બુદ્ધિની, વળી ન્યાય અન્યાય નવ જાણતાં । સુખ દુઃખને સમજ્યા વિના, વળી વિષ એ અમૃતવત માણતાં ॥૪॥ એમ વિમત હતી આપણી, બાઈ એશું અવળાં ચાલતાં । હેત કરી હરિ મંદિર આવતા, તેને તસ્કર કરીને ઝાલતાં ॥૫॥ એનો આપણે અભાવ લઈ, જઈ કહેતાં જશોદા આગળે । તોયે હૃદયે રોષ નવ ધારતા, કરતા પ્રીત હેતે પળેપળે ॥૬॥ પરાણે એણે પ્રીત કીધી, અલબેલે આપણે સાથજી । જાત બાઈ ભવવારિમાંહી, તેતો હરિએ રાખ્યાં ગ્રહી હાથજી ॥૭॥ સમે સમે એણે સુખ દિધાં, વળી લાડિલાએ લાડ લડાવિયાં । આપણું ગમતું કીધું એણે, માન દઈને મન મનાવિયાં ॥૮॥ વળી આપણી અવળાઈ જુવો, એને બંધાવિયાતા આગળે । એના ગુણ અવગુણ આપણા, કેટલાક લખીએ કાગળે ॥૯॥ જેજે હેત કર્યું હરિયે, તેતો કહ્યે કેમ આવશે । હવે નિષ્કુલાનંદના નાથ વિના, બાઈ લાડ કોણ લડાવશે ॥૧૦॥ કડવું ॥૨૧॥

વળી વા'લપ વા'લાની કહ્યે નથી આવતીજી, જેજે કાંઈ કરિયું એણે આપણી વતીજી । અલબેલે આપિયું સુખ સમેસમે અતિજી, આપણે ન જાણ્યું માનિની મહા મૂઢમતિજી ॥૧॥ **ઢાળ –** મૂઢમતિ અતિ આપણી, એને કાળો કહીને બોલાવતી । કંઈક વાતની વાતમાંયે, એને હા કહીને હુલાવતી ॥૨॥ વળી મહી મથાવ્યાં વત્સ ચરાવ્યાં, વળી કરાવ્યાં ઘરનાં કામને । કઠણ કહેતાં મ્હેણાં દેતાં, વળી લેતાં ટુંકારે નામને ॥૩॥ છાશ ખાટી વાટિ દેતાં, વળી માખણ દઈને નચાવતાં। નટની પેરે નૃત્ય કરાવી, ઘેરઘેરથી જોવા આવતાં ॥૪॥ વળી ડાહી થઈ બાઈ આપણે, એને કાળો જાણીને કલાવતી । અંતરે ભાર એનો આપણે, લેશ પણ નવ લાવતી ॥૫॥ કપટી લંપટ કુડા બોલો, વળી તસ્કર કહેતી તેહને । અનાદર બાઈ કરતાં એનો, તોયે તે નવ તજતો સ્નેહને ॥૬॥ વળી ભલાઈ બાઈ ભૂધરજીની, જોને કહીએ મુખથી કેટલી । નથી કહેવાતી હેત પ્રીતની રીત, જેહ એણે કરી છે એટલી ॥૭॥ આપણારે અપરાધનો, બાઈ પાર ન આવે પેખતાં । તેમ મોટપ જોતાં મહારાજની, કાંઈ લેખું ન આવે લેખતાં ॥૮॥ એમ મળી વળી અબળા, અવગુણ પરઠે આપણા । અહો બાઈ કહીએ કેટલા, ગિરાએ ગુણ ગોવિંદતણા ॥૯॥ બાઈ સાંભળતા હશે શ્યામને, સર્વેગુણ ગોપીજન તણા । નિષ્કુલાનંદના નાથ સાથે, રાખી નથી કોઈ રીતે મણા ॥૧૦॥ કડવું ॥૨૨॥

બાઈ આપણશું એણે અતિશય હેત કર્યુંજી, ગોપી ને ગોવાળ હેતે સ્વધામ પરહર્યુંજી । મેલી માન મોટપને મનુષ્યનું દેહ ધર્યુંજી, જોને બાઈ એનું આપણથકી શું સર્યુંજી ॥૧॥ **ઢાળ –** સર્યું નહિ કાંઈ શ્યામનું, આપણ માંયથી એક રતિ । કેવળ હેત એક કર્યું એણે, આપણે ન જાણ્યું મૂઢમતિ ॥૨॥ બાઈ ભવ બ્રહ્મા જેને ભજે, વળી નેતિનેતિ નિગમ કહે । તેહને જાણ્યા જાર જુવતી, બીજું અજ્ઞ આપણથી કોણ છહે ॥૩॥ બાઈ ઈન્દ્ર આદિ અમર સર્વે, જેની અહોનિશ આજ્ઞા કરે । વળી શશિ સહિત સૂર્ય સદા, જેના વચનમાં ફેરા ફરે ॥૪॥ સરસ્વતી કહે ઉત્તમ કીર્તિ જેની, વળી નારદ ગુણ જેના ગાયછે । સહસ્રફણીમાં જુગલ જીભે, શેષ સમરે જેને સદાય છે ॥૫॥ સર્વે સુખનું એહ સદન સજની, અને પ્રીતનો વળી પુંજછે । પૂરણકામ ને ઠામ ઠર્યાનું, વળી ઓછપ એહમાં શું જ છે ॥૬॥ જેમ નદી સર ને કૂપ વાપી, ભરપુર જો હોયે ભરી । પણ વારિધિ કોય વારિવડે, સુખ ન માને સુંદરી ॥૭॥ તેમ સુખ સરવે સજની, રહ્યાં અલબેલાને આશરી । એવા જાણીને જુવતી, રતિ કૃષ્ણ સાથે નવ કરી ॥૮॥ જેમ મૂરખને કોઈ મિરાંથ મળે, પારસ કે ચિંતામણી । શિલાસમ તેનું સુખ સમઝે, જેને બાળક બુદ્ધિ છે ઘણી ॥૯॥ એમ થયું બાઈ આપણે, ઓળખી ન શક્યાં એહનો

નિષ્કુલાનંદને નાથે સજની, તેહ સારૂં દીધોછે છેહને ॥૧૦॥ કડવું ॥૨૩॥

છબીલોજી દઈ ગયા બાઈ છેહજી, જાણી જન અજ્ઞ આપણે અતિ સેહજી । મૂઢમતિ જોઈ અબળાનો દેહજી, શિયા ગુણ જોઈ રાખે આપણશું નેહજી ॥૧॥ **ઢાળ –** શિયો ગુણ જાણી શ્યામળો, અલબેલો આપણશું આચરે । જોઈ જોઈને જોયું અંતે, સાર નવ દીઠું સરે ॥૨॥ બાઈ અસન અતિ જડમતિ, તેતો શું સમઝિયે સ્નેહને । જાડાબોલી પાલવખોલી, તેણે કરી ન ગમી તેહને ॥૩॥ વાટે ઘાટે વનમાં વિચરૂં, વળી છુટે છેડે ફરીએ । એવા ગુણ જાણી આપણા, બાઈ હેત તોડ્યુંછે હરિએ ॥૪॥ સરવે જાતમાં જડ જંગલી, વળી તેથી જડ તેની જુવતી । બાઈ એવા કુળમાં ઉપન્યાં, તેહ ન સમજું સ્નેહ રતિ ॥૫॥ રૂપ રંગ અંગે નહિ આપણે, વળી પ્રિતમાંહિ પ્રીછું નહિ । એવાં કઠોર નઠોર નગણાં જાણી, નંદલાડીલે તજ્યાં લહિ ॥૬॥ બાઈ વનચરિયો નિર્લજ્જ ફરિયો, વળી વ્યભિચાર ભાવે એને ભજી । એવા ગુણ જાણી આપણા, બાઈ તેહ સારૂં તેણે તજી ॥૭॥ ક્યાં પારસ ને ક્યાં પથરો, ક્યાં કાચ ને ક્યાં કંચન । એહ આગળ બાઈ એમ આપણે, તેણે માન્યું નહિ એનું મન ॥૮॥ દૈવ જોગે દોયજ દહાડા, પ્રકટ્યો હતો થર સુખનો । પલટિ પળ ને પ્રિયે પરહર્યોં, દઈ ગયા દિવસ દુઃખનો ॥૯॥ વળી અવગુણ જોયા આપણા, ના'વ્યો સંદેશો નવ લહી સારને । નિષ્કુલાનંદને નાથે સજની, વિસારી બાઈ વ્રજનારને ॥૧૦॥ કડવું ॥૨૪॥

**પદરાગ આશાધોળ –** ના'વ્યો સંદેશો નાથનોજીરે, જુવતી જોતાં જો વાટ (૨) આશું થયું રે આપણે । આશું થયું રે આપણેજીરે, પ્રાણ રહેછે શામાટ (૨) ના'વ્યો૦ ॥૧॥ બાઈ મીન મરે જળ મૂકતાંજીરે, ધન્ય એ પ્રીત પરમાણ (૨) પિયુ વિયોગે પ્રમદા । પિયુ વિયોગે પ્રમદાજીરે, પાપી રહ્યા કેમ પ્રાણ (૨) ના'વ્યો૦ ॥૨॥ કુંજતણાં બાઈ બાળકાંજીરે, જુવે વાટ ષટ માસ (૨) અવધે ન આવે જો જનની । અવધે ન આવે જો જનનીજીરે, તજે તન થઈ નિરાશ (૨) ના'વ્યો૦ ॥૩॥ જીવન વિના જે જીવવુંજીરે, એતો અણઘટતી વાત (૨) નિષ્કુલાનંદના નાથ વિના નિષ્કુલાનંદના નાથ વિનાજીરે, પંડડું નવ થયું પાત (૨) ના'વ્યો૦ ॥૪॥ પદ ॥૬॥

અંતરજામીએ અંતરની જાણીજી, ઉદ્ધવ પ્રત્યે ઉચ્ચરિયા વાણીજી । સુણો શુભમતિ વાત ચિત્ત આણીજી, પ્રેમવશ પ્રમદા અમે ચાલ્યે અકળાણીજી ॥૧॥ **ઢાળ –** અકળાણી અતિ અમ કાજે, વળી પ્રાણ ગતવત થઈ પડી । તે મુજ વિના એ માનિનીને, કેમ નિગમતી હશે ઘડી ॥૨॥ એટલા માટે ઉદ્ધવજી, તમે વ્રજ જઈ કરો વાતડી । સમઝાવજો તમે સહુ જનને, વળી રે'જો તિયાં પંચ રાતડી ॥૩॥ અધ્યાત્મ એને જ્ઞાન આપી, સમઝાવજો બહુ પેરજી । એટલો પરમારથ કરો ઉદ્ધવ, તમે મનમાં આણી મે'રજી ॥૪॥ સર્વે પેરે સુજાણ છો, વળી ઘણું કહેવાનું કામ નથી । સમાસ કરજો સારીપેરે, કે'જો તત્ત્વને તમે કથી ॥૫॥ જેણી રીતે વળી જુવતી, અતિ સુખ પામે સુંદરી । ઉદ્ધવજી જઈ એટલું, વળી આવજો કારજ કરી ॥૬॥ સગુણ જાણી એણે સ્નેહ કીધો, નિર્ગુણ ન જાણ્યો નારીએ । તેણે એનું તન તપીયું, એને એમ સમઝાણું સખી સારીએ ॥૭॥ આવ્યા ગયા જાણ્યા અમને, એક પ્રેમના વશમાંય । તમો ગયે ગુણ થાશે ઘણો, વળી કસર નહિ રહે કાંય ॥૮॥ અમે ગયાનો અર્થ સરશે, પ્રતીત પડેછે તમતણી । ઉદ્ધવ એમાં વિલંબ ન કીજે, જાઓ તમે વળી વ્રજભણી ॥૯॥ એવી રીતે ઉદ્ધવજીને, હેતેશું તે કહ્યું હરિ । નિષ્કુલાનંદના નાથની, પછી આજ્ઞા એહ શિર ધરી ॥૧૦॥ કડવું ॥૨૫॥

એહ જો આજ્ઞા ઉદ્ધવે શિર ધરીજી, જેવી શ્રીમુખે કહિ છે જો શ્રીહરિજી । પછી વ્રજ જાવાને અર્થે રથ આણ્યો જોતરીજી, તૈયે ઉઠિયા ઉદ્ધવજી વંદના કરીજી ॥૧॥ **ઢાળ –** કરી વંદના ઉઠ્યા ઉદ્ધવ, કર જોડી ઉભા વળી આગળે । કૃષ્ણે કહ્યું તે કરવું ખરૂં, પણ અળગે ગયે અંતર જળે ॥૨॥ શિશ નમાવીને શીખ માગી, જુતો રથ ઉપર બેઠા જઈ । ત્યારે કૃષ્ણ કહે સુણો ઉદ્ધવ, એક સંદેશો કહું તે સઈ ॥૩॥ નંદ જશોદાને ઝાઝા ઝાઝા, પ્રણામ કે'જો પાયે પડી । એહના ગુણ ઓશિંગળ અમે, થઈ ન શકિયા એક ઘડી ॥૪॥ બહુપેરે એણે બેઉ જણે, ઘણું ઘણું કરી જો જતનને । અર્ધ ઘડી અળગો ન મુકતાં, જેમ રંક જાળવે રતનને ॥૫॥ અસનપણે અમે હતા અટારા, નિત્ય રાવ નવલી લાવતા। તોએ અમને કાંઈ ન કહ્યું એણે, સામું સ્નેહ કરીને બોલાવતા ॥૬॥ વળી ગોળી ઢોળી મહી પીતા, ખાતા મનમાન્યું માખણજી । અચપળાઈ અમે એવી કરતા, તોએ ન આણ્યો એણે અવગુણજી ॥૭॥ એહ માત

પિતાની મોટપ, મુખે ઉદ્ધવ કહ્યે નથી આવતી । અમે ન થઈ સેવા એહની, એતો અમને ખટકે છે અતિ ॥૮॥ તેને લળી લળી તમે પાય લાગી, વળી ચરણમાં શિશ ધરજો । પછી ગોપી જનને અમારા, ઘણા ઘણા પ્રણામ કરજો॥૯॥ શિશ નમાવિ વળી સર્વેને, કે'જો પ્રણામ વ્રજ સાથને । કુશળ છે ને કુશળ પુછયું નિષ્કુલાનંદના નાથને ॥૧૦॥ કડવું ॥૨૬॥

શ્રીકૃષ્ણે કહ્યું તે શ્રવણે સાંભળીજી, પછી પ્રભુ પાયે ઉદ્ધવ લાગ્યા લળીજી । ચરણ ચિંતવી ચાલ્યા વ્રજમાં વળીજી, સંધ્યા સમે આવિયા ગોકુળની ગલીજી ॥૧॥ **ઢાળ –** ગોકુળ ગામની ગલીએ આવી, નંદને ભવન રથ છોડિયો । મળી લળી નંદપાયે લાગ્યા, વળી કરપુટ તે જોડિયો ॥૨॥ ત્યારે નંદ કહે કૃતારથ કીધો, ઉદ્ધવજી ભલે આવિયા । આજ ભાગ્ય જાણું અમારાં, તમે આવતાં ઉદે થયાં ॥૩॥ આજ કષ્ટ મટ્યાં અમારાં, તમે પધારિયા પ્રેમે કરી ॥ રામ કૃષ્ણ બંધવ બેઉની, ખબર અમને આપો ખરી ॥૪॥ કુશળ છે બલ કૃષ્ણ બેઉ મળી, વીરા કરો એહ વારતા । અમે દોયે રંકને વળી, કંઈએ કૃષ્ણજી સંભારતા ॥૫॥ એવું સુણીને ઉદ્ધવ પાયે, લાગ્યા તે જશોદા નંદને । અર્ધક્ષણ ગુણ તમારા, નથી વિસરતા ગોવિંદને ॥૬॥ વળી બહુ પેરે પ્રણામ કહ્યા, કહે મારીવતી પાય લાગજો । અમારા અનુગ્રહનું વચન, કર જોડી કૃષ્ણ કહે માગજો ॥૭॥ અમે કુશળ છીએ અંગે, તેહ તો પુણ્ય તમ તણે । અતિ સ્તુતિ કરી કહ્યું, બળ કૃષ્ણજી બેઉ જણે ॥૮॥ એમ વાત કરતાં વીતી રજની, પછી ઘેર ઘેર ગોપીજન જાગીયાં । કૃષ્ણ કૃષ્ણ કહેતાં કાંઈ, મહી મથવા લાગિયાં ॥૯॥ ઉદ્ધવ સુણી આશ્ચર્ય પામ્યા, આતો વશ સહુ છે સ્નેહને । નિષ્કુલાનંદને નાથે કહ્યું, તેતો કેમ કહેવાશે એહને ॥૧૦॥ કડવું ॥૨૭॥

પછી ઉગ્યો અર્ક ને જાતી રહી જામનીજી, ભવન ભવનથી ભેળી થઈ ભામનીજી । નંદ ઘરે નવલો રથ કેનો આવ્યો કામનીજી, અલબેલો આવ્યા જાણી ધામધામનીજી ॥૧॥ **ઢાળ –** ધામધામથી ધાઈ ગોપી, વળી રથ જાણીને રાજનો । ટોળે મળી વળી વનિતા, મેલ્યો ધંધો ઘર કાજનો ॥૨॥ આવી જોયું ત્યાં ઉદ્ધવ દીઠા, પછી ભેટી તેને ભાવશું । પછી પ્રેમે કરીને પ્રમદા, પુછે ઉદ્ધવને ઉત્સાવશું ॥૩॥ શિયો સંદેશો સુખનો, કૃષ્ણજીએ અમને કા'વિયો । તમને મુક્યા તે ન આવ્યા, એવો શિયો અભાવ આવિયો ॥૪॥ સાચું કહેજો સમ અમારા, અમે પુછુંછું એ પ્રશ્નને । અમ ઉપરે ઉદ્ધવ એણે, કહો કેમ ધાર્યું છે કૃષ્ણને ॥૫॥ અહોનિશ ઉદ્ધવ તમે, મોહનશું રહોછો મળી । કોઈ વારે કૃષ્ણજી કહેતા, વ્રજમાં જાશું વળી ॥૬॥ ઉદ્ધવ કહેજો અમને, હોય જથારથ જેવું સહિ । શિયે વાંકે શ્યામળો, વળી વ્રજમાં આવ્યા નહિ ॥૭॥ સ્નેહ છે એને કોણ સાથે, કેની પ્રીત કરી પિયુ વાધિયા । કેને વશ થઈ રહ્યા વહાલો, જે અમને તજી તેના થયા ॥૮॥ ઉદ્ધવ અમને અલબેલાની, કથા તે સર્વે કહો કથી । કોણ કારણ ઉદ્ધવ અમને, મોહને ઉતાર્યાં મનથી ॥૯॥ ઉદ્ધવજી હવે ઉચ્ચરો, રખે વા'લે કહ્યું તે વિસારતા । નિષ્કુલાનંદના નાથજીની, કરો વિધ વિધ વારતા ॥૧૦॥ કડવું ॥૨૮॥

**પદરાગ સોરઠા –** ઉદ્ધવજી હવે ઉચ્ચરો, કરો વા'લાની વાત । જેરે કરો તે જીવાડજો, અમો છીએ અબળાની જાત; ઉદ્ધવજી૦ ॥૧॥ સહુ મળી અમે સુણવા, લેવા સુખ શરીર । ઉદ્ધવ અમે છીએ અધિરિયાં, તેને આપજો ધીર; ઉદ્ધવજી૦ ॥૨॥ એક વાતે શાન્તિ ઉપજે, એકે ઉઠેછે ઝાળ । વિવેકે કહેજો તે વીરા વળી, થઈ દિલના દયાળ; ઉદ્ધવજી૦ ॥૩॥ વલવલુંછું અમે વનિતા, તેતો કૃષ્ણને કાજ । નિષ્કુલા-નંદનો નાથજી, ક્યારે મળશે મહારાજ; ઉદ્ધવજી૦ ॥૪॥ પદ ॥૭॥

ઉદ્ધવ કહે વળી સુંદરી સુણો સહુજી, તમે છો હરિને બાઈ વ્હાલી બહુજી । નિશદિન નાથની સાથે બાઈ હું રહુંજી, કહ્યું મને શ્રીકૃષ્ણે તે તમને કહુંજી ॥૧॥ **ઢાળ –** કહ્યું છે બાઈ કૃષ્ણજીએ, કરજો કર જોડી પ્રણામ । વળી વળી શું કહું કૃષ્ણ કહે, મારે સુંદરી સુખધામ ॥૨॥ રાત દિવસ રટણ રહેછે, વારંવાર વ્રજ સાથને । તમારા પ્રેમની વાત પ્રમદા, નથી વિસરતી નાથને ॥૩॥ વળી ઉઠતાં બેસતાં એમ બોલે, શું કરતી હશે વ્રજ સુંદરી । સુતાંસુતાં જાગે જ્યારે, ત્યારે ગોપી ગોપી ઉઠે કરી ॥૪॥ એમ સંભાળે છે શ્યામળો, વળીવળી વ્રજજનને । પ્રાણથકી અધિક અબળા, જણાવોછો જીવનને ॥૫॥ ભવ બ્રહ્મા ભજેછે જેને, તેતો ભજેછે બાઈ તમને । તમારી તેની ખબર ખરી, કાંઈ પડતી નથી અમને ॥૬॥ કોણ જાણે જે કેમ હશે, વળી નથી કળાતી વારતા, રાત દિવસ હૃદયથી, હરિ તમને નથી વિસારતા ॥૭॥ ઉદ્ધવ કહે હું આશ્ચર્ય પામ્યો,

શિયાં પુણ્ય તમારાં છે સજની। સુતાં બેઠાં જાગતાં, વ્હાલો વાત કરેછે વળી વ્રજની ॥૮॥ બાઈ પ્યારી છો તમે પ્રાણથી, કૃષ્ણે કહ્યું ને હું પણ કહું। હરિ તમારા હેતનો હું, પાર કઈ પેરે લહું ॥૯॥ પણ હેત કરી હરિ હૈયાનું, હારદ કહ્યું છે અમને, નિષ્કુલાનંદના નાથનું ગમતું, તે સાંભળોતો કહું તમને ॥૧૦॥ કડવું ॥૨૯॥

ઉદ્ધવ કહે સુણો સરવે સુંદરીજી, કેવા જાણી કૃષ્ણને કહો તમે પ્રીત કરીજી। સમઝ્યા વિના સુખ ના'વે જો જાયે મરીજી, જુઠું નથી જુવતી વાત અંતે એ ખરીજી ॥૧॥ **ઢાળ –** ખરી કહું ખોટી નથી, તમે સમઝયાં નહિ કાંઈ સુંદરી। પરાપર જે બ્રહ્મ પૂરણ, તેને તમે જાણિયો જાર કરી ॥૨॥ પૃથ્વી જળ ને તેજ વાયુ, વળી વ્યોમ ત્રિગુણ અહંકાર। એહ મળી મહત્તત્ત્વ માયા, એક પુરૂષને આધાર ॥૩॥ પુરૂષ રહે પરબ્રહ્મમાંહિ, પરબ્રહ્મ રહે નિરાધાર। તેહ જે શ્રીકૃષ્ણ મૂરતિ, તેને જાણિયો તમે જાર ॥૪॥ વળી વિશ્વમાંહિ વ્યાપી રહ્યો, પિંડ બ્રહ્માંડમાં ભરપૂર। કૃષ્ણ વિના તો કોયે નથી, તેને દેખિયો તમે દૂર ॥૫॥ હવે એકાગ્ર ચિત આણો, તમે ધરો અંતરે ધ્યાન। બાહ્ય વૃત્તિ મેલો બાઈ, ભીતર છે ભગવાન ॥૬॥ મન કૃત્ય મિથ્યા કરીને, અંતર વૃત્તિ વાળીયે। તો સાક્ષીરૂપે સરવમાંહિ, વ્યાપક વસ્તુને ભાળિયે ॥૭॥ આંખ્ય મીચી જુવો અબળા, તો ૧ધ્યેય ૨ધ્યાતા ૩ધોખો ટળે। અણછતાં શું થાઓ ઉભાં, એક વિના અન્ય નવ મળે ॥૮॥ વેદ વેદાંત ને સાંખ્યનું, સુંદરી એહ સાર છે। એમ સમઝે થાશો સુખિયાં, અંતે તેહ નિરધાર છે ॥૯॥ દેહ બુદ્ધિ બાઈ દૂર કરી, વળી વિષય વાસના પરહરો। નિષ્કુલાનંદના નાથે કહ્યું, તમે જોગ જુગતે શું આદરો ॥૧૦॥ કડવું ॥૩૦॥

ઉદ્ધવજી તમે એશું બોલીયુંજી, અમને એ કહ્યું તમે અણતોળિયુંજી। ભાઈ અમને ભામિનીને શીદ પાડોછો ભૂલીયુંજી, છતે કંથે છાર કો'ને કેણે ચોળીયુંજી ॥૧॥ **ઢાળ –** છાર ન ચોળ્યું છતે ધણીએ, એતો વિધવા કેરો વેપાર છે। કંથ વિયોગી અંતર રોગી, તેને ભુંસવી ભલી છાર છે ॥૨॥ વળી નર કોઈ નિરભાગી, સુત વિત્ત દારાનો દુઃખિયો। તેહ જોગ લઈને જાય જંગલે, થાવાનો કોઈ સ્થળે સુખિયો ॥૩॥ વળી ભવવૈભવ જેને હોય વા'લા, તેતો એક બ્રહ્મ કહી ઉચ્ચરે। ભ્રાત્ય ઉભયભ્રષ્ટ થઈને, પછી મનમાન્યા વિષય કરે ॥૪॥ વળી ધણી વિના જે ધ્યાન ધરે, તેતો કોઈકનું ઘર ઘાલવા। જેમ આંખ્ય મિંચી બેસે બલાઈ, તેતો ઝડપી ઉંદરને ઝાલવા ॥૫॥ ડગમગ દિલ ચળ ચિત્તવાળા, જેને પ્રતીતિ નહિ પ્રગટતણી। તેતો વણ કહ્યે વેપાર એહવો, ભાઈ ધાઈને કરશે તેનો ધણી ॥૬॥ ઉદ્ધવજી તમે કહ્યું જે અમને, તેમાં સાર ન દીઠો કાંઈ શોધતાં। અમને કહ્યું એવું જે જ્ઞાન, તમને કેટલું થયું પરમોદતાં ॥૭॥ બહુ સાધને સાધ્યું હશે, ઉદ્ધવજી એવું જ્ઞાન। આટલા દિવસ આવા વેષનું, કેમ અળગું ન કર્યું અજ્ઞાન ॥૮॥ બીજાને તો જોગ ધરાવો, ભાઈ તમે તે ભોગી કેમ રહ્યા। અમે કંગાલની ઉપરે, છેક ન થઈએ નિર્દયા ॥૯॥ એવા સંદેશા સાટે ઉદ્ધવ, કેમ ના'ણ્યો કૂપ વિષનો ભરી। નિષ્કુલાનંદના નાથનું મોકલ્યું, ખાત અમે ખાંતે કરી ॥૧૦॥ કડવું ॥૩૧॥

ઉદ્ધવજી અમે જોગ કેમ કરીએજી, અમે કૃષ્ણકામિની કાષાયાંબર કેમ ધરીએજી। તેથકી વીરા મર વિષ ખાઈને મરીએજી, ગજથી ઉતરી કેમ ચડીએ ખરીએજી ॥૧॥ **ઢાળ –** ખરીએ ન બેસાયે કરી તજી, કણ મુકી કુકસ કોણ ગ્રહે। કંચન મુકીને કાદવ કોઈ, લોભાવે પણ નવ લહે ॥૨॥ મણિરત્નની માળા મુકી, શંખલાનો શણગાર કોણ કરે। બાવના ચંદન તજી તનમાં, ભસ્મ કોણ ભુંશી ફરે ॥૩॥ અંબર અંગે ઓઢવાં મેલી, વળી કોણ ધરે મૃગચર્મને। ઉત્તમ ક્રિયા મુકી અંગની, કોણ કરે મલિન વળી કર્મને ॥૪॥ ખીર ખાંડ ઘૃત ખાવું તજીને, ખાયે કોણ આક ધંતુરા પાન। સેજ પલંગને પરહરીને, કોણ સુવે જઈ સ્મશાન ॥૫॥ જેહ મુખે અમે પાન ચાવ્યાં, તેહ મુખે આવળ કેમ ચાવશું। કૃષ્ણ વિના ઉદ્ધવ અમે, બીજું અંતરે કેમ ઠેરાવશું ॥૬॥ પ્રીતે પતંગ અંગ પાવકે આપે, મૃગ મરે નિઃશંક થઈ નાદમાં। ઉદ્ધવજી સુખ એટલું, શું નહિ જાણિયે શ્યામના સ્વાદમાં ॥૭॥ આતો તન મન આપ્યું છે એહને, એક રતિ અમે રાખ્યું નથી। શ્રીકૃષ્ણ કૃષ્ણ કે'તાં મરશું, પણ બીજું નહિ થાય અમથી ॥૮॥ આ જીહ્વા તો અન્ય ન ઉચ્ચરે, પણ મુવા પછી પારખું કોઈ લેશે। નળી ભુંગળી વળી વાંસળી કરે કોય, તોએ કૃષ્ણ કૃષ્ણ એમ બોલશે ॥૯॥ અમો અબળાનું અંતર એવું, જેણે ઢાળે ઢળ્યું તેણે ઢળિયું। નિષ્કુલાનંદના નાથ સાથે, મન મળિયું તેહ મળિયું ॥૧૦॥ કડવું ॥૩૨॥

**પદરાગ ગોડી –** શ્રી નાથ સાથે મન માનિયું, ઉદ્ધવ એ વિના અમે ન રહેવાયેહો । વાલાને વિયોગે વીતે પળ વળી, તેતો જુગ તુલ્ય જાયેહો; શ્રીનાથ૦ ॥૧॥ સુતાં બેઠાં સાંભરેછે સલુણો, સુખકારી શ્યામ સદાયેહો । ખાતાં પીતાં ખટકે હૃદયે, અલબેલો અંતરમાંયેહો; શ્રીનાથ૦ ॥૨॥ દર્શન વિના જે દલડું દાઝેછે, તેતો કેને ન કહેવાયેહો । અવર કોયે ઓષડ ઉસતાદે, શરીર સુખ નવ થાયેહો; શ્રીનાથ૦ ॥૩॥ પ્રેમના પાશમાં પાડી ઉદ્ધવ અમને, ઘેરીને માર્યું છે ઘાયેહો । નિષ્કુલાનંદના નાથે નથી રાખ્યો, ઉગરવાનો ઉપાયેહો; શ્રીનાથ૦ ॥૪॥ પદ ॥૮॥

ઉદ્ધવ અમે અંતરે થઈછું જાજરીજી, તેતો શ્યામ સલુણાને સ્નેહે કરીજી । ધીર અંગે અબળા નથી શકતી ધરીજી, અધુરૂં પુરુ કરવા આવિયા તમે ફરીજી ॥૧॥ **ઢાળ –** અધુરૂં પુરુ કરવા કાજે, એ સંદેશો કૃષ્ણે કહાવિયો । કાળજું તો કાપીને ગયા'તા, વળી મારીને પ્રાણ મંગાવિયો ॥૨॥ પ્રાણ અમારા લઈને ઉદ્ધવ, અલબેલોજી શું કરશે । અમો અબળાનો અંત આણે, એનું કારજ તે શું સરશે ॥૩॥ માશી મલ્લ મામાને માર્યો, એમ આવી મારે મર અમને । પણ દૂર રહીને દગા રચેછે, તેતો ઘટતું નથી ત્રિકમને ॥૪॥ સ્વારથ વિના શાને માટે, અમ ઉપર એણે આદર્યું । અમે અબળાએ ઉદ્ધવ એનું, ભૂંડું તે ભાઈ કહો શું કર્યું ॥૫॥ અનેક અપરાધ હોય અબળાના, તોયે નર નથી કોઈ મારતા । ભણી આવ્યા છે ભાઈ બહુ, કેમ એટલું નથી વિચારતા ॥૬॥ પારાધી બાંધી મારે પશુને, તેતો માંસ ચર્મને માટ જો । એતો અમારૂં અર્થ નહિ આવે, શું મારીને કરશે ખાટ જો ॥૭॥ નો'તું દીઠું નો'તું સાંભળ્યું, જે પ્રીત કરીને પ્રાણ હરવા । ઉદ્ધવજી એવું અલબેલાને, કોણે શીખવ્યું જો કરવા ॥૮॥ કેને કહીએ કોણ સાંભળે, જ્યારે અલબેલે એવું આદર્યું । ઉગરવાની અમે આશા મેલી, મરવાનું મન નિશ્ચે કર્યું ॥૯॥ અધુરે સુખે મરશું અમે, રે'શે આશા અમારી એહશું । નિષ્કુલાનંદના નાથ સાથે, નથી પડવું નોખું સ્નેહશું ॥૧૦॥ કડવું ॥૩૩॥

ઉદ્ધવજી એહની વાત કહું કથીજી, કોઈ રીતે કૃષ્ણમાંહિ જો કાચું નથીજી । અમે તો વિચાર્યું અમારા મનથીજી, અર્થ સારી ગયા એહ આપ સ્વારથીજી ॥૧॥ **ઢાળ –** અર્થ સારી અલબેલડો, અળગા જાઈને એહ રહ્યા । વિયોગે અમે વિલખી વિલખી, શરીરના સુખથી ગયા ॥૨॥ જેમ પુષ્પની વાસ લઈ વેગળો, અલિ ઉડીને આઘો ફરે । જેમ ફળ ખાઈ ખગ તજે તરુ, તેમ કૃષ્ણજી પણ એમ કરે ॥૩॥ દાહક વનને જેમ મૃગ મેલે, વિન તેજ રાજન રૈયત તજે । જેમ નિર્ધન પુરૂષ પરહરે પુંશ્ચલી, એમ અમને તજ્યાં બાંધી ધ્વજે ॥૪॥ જેમ સૂકા સરને પરહરીને, મેલીને જાય છે મરાલ । જેમ ભીક્ષા લઈને તજે ભવન ભીક્ષુ, એવો નેહ કરે નંદલાલ ॥૫॥ વિદ્યાર્થી જેમ વિદ્યા ભણીને, વળી તજેછે વિદ્યાવાનજી । જેમ દક્ષિણા લઈ યજમાન તજે, તેમ કરે છે એહ કાનજી ॥૬॥ એમ અમને પરહર્યાં, અલબેલે ઉદ્ધવ આજરે । અમારૂં સુખ રાખ્યું અધુરૂં, એણે સાર્યું એનું કાજરે ॥૭॥ હવે છેટે રહી છેદેછે છાતી, દૂર રહીને દિયેછે દુઃખજી । પ્રીત કરી પ્રાણ હરિ મેલ્યા, પછી સાનું રહે હવે સુખજી ॥૮॥ સુતાં બેઠાં સ્નેહ સાલે, પળેપળે પિંડ ઘણું પરજળે । ઉદ્ધવજી અંતરની વાતો, તે બા'રે બીજું કોણ કળે ॥૯॥ ભરી કસી બાણ ભીંતરે, માર્યાં છે એણે મર્મનાં । નિષ્કુલાનંદના નાથે અમને, ટાળ્યાં લોક કુળ ધર્મનાં ॥૧૦॥ કડવું ॥૩૪॥

ઉદ્ધવજી એવું હતું એને મનજી, જે કલપાવી કલપાવી તજાવશું તનજી । તો ઠોરઠોર નહોતી કરવી જતનજી, જ્યારે એને આપવોતો અમને આવો દિનજી ॥૧॥ **ઢાળ –** દિન દેવોતો જો દુઃખનો, વળી વણ મોતે હતાં મારવાં । તો અનેક વિઘ્નમાંહિથી અમને, આગે નોતાં ઉગારવાં ॥૨॥ ભયાનક વ્યોમાસુર ભયથી, વળી રાખિયાં રૂડી રીતશું । શકટાસુર તૃણાવર્ત તેથી, પહેલાં ઉગારિયાં એને પ્રિતશું ॥૩॥ કેશી વૃષભ અઘાસુરથી, અમને અલબેલે ઉગારિયાં । વત્સાસુર બગાસુર બીજાથી, વળી વ્રજનાં વિઘ્ન નિવારિયાં ॥૪॥ વિષ નિરવિષ ઘર વરુણથી, કરી વ્રજવાસીની એણે સાર । અમારે કારણે ઉદ્ધવ એણે, દાવાનળ પીધો દોય વાર ॥૫॥ વળી ઈન્દ્ર કોપ્યો વ્રજવાસી ઉપરે, મહાપ્રલયનો મેઘ મેલિયો । વીજ ઝભકે નીર ખળકે, વળી અંધકાર અતિશે થયો ॥૬॥ ઘોર ગર્જના સુણી થયાં ઘાંઘાં, જાણ્યું આજ કલ્પાંત આવિયો । ત્યારે ધરી ગોવર્ધન કર ઉપરે, વ્રજસાથ એણે બચાવિયો ॥૭॥ ઉદ્ધવ એણે અમને, અનેક વિઘ્નથી ઉગારિયાં । આવું હતું જો મનમાં એને, તો મોર્યે કેમ ન મારિયાં ॥૮॥ નથી ખમાતું ઉદ્ધવ અમે, પીડી પીડી જે

લેશે પ્રાણ । અંતરની શું કહીએ ઉદ્ધવ, તમે નથી અમારા અજાણ ॥૯॥ કૃષ્ણે કર્યું એવું કોઈ ન કરે, ઉદ્ધવજી કહું અમને । નિષ્કુલાનંદના નાથના સખા, છો ત્યારે કહ્યું તમને ॥૧૦॥ કડવું ॥૩૫॥

વીરા નથી વિસરતી ઉદ્ધવ એહ વારતાજી, દિલડું દાઝેછે એ સુખ સંભારતાંજી । વિસરતું નથી વળી અમને વિસારતાંજી, ચાલોને દેખાડીએ જ્યાં હરિ ગાયો ચારતાજી ॥૧॥ **ઢાળ** — ગાયો ચારતા ગોવિંદ જિયાં, તિયાં ઉદ્ધવને તેડી ગયાં । વનિતા વળી ટોળે મળી, સર્વે સ્થળ વનનાં દેખાડિયાં ॥૨॥ ઈયાં એણે અઘાસુર માર્યો, ઈયાં બ્રહ્માજીએ વત્સ હરિયાં । ઈયાં બેસી અન્ન જમિયા, ઈયાં વત્સ બાળક બીજાં કરિયાં ॥૩॥ આ સ્થળે એણે ગાયો ચારી, આ સ્થળે પાયા એને નીર । આ સ્થળે એ સ્નાન કરતા, સુંદર શ્યામ સુધીર ॥૪॥ આ ઠામે એણે અમને રોક્યાં, આ ઠામે મહી લઈ લુટિયાં । આ ઠામે એણે અંબર તાણ્યું, તેણે કરી માંટ મારાં ફુટિયાં ॥૫॥ ઈયાં એણે વેણ વગાડી, ઈયાં રમાડ્યાં એણે રાસ જો । ઈયાં તજી ભાગી ગયા ભૂધર, ત્યારે અમે થયાં ઉદાસજો ॥૬॥ પછી ઈયાં જોયાં એનાં પગલાં, તિયાં લાધી અમને એની ભાળ । જુવતી સહિત જાતા જાણ્યા, વળી વળગાડી તેને ડાળ ॥૭॥ ઈયાં વશ કીધા અમે, ઈયાં આવ્યા હતા અલબેલ । ઈયાં રાસ ફરી રચિયો, પછી રમાડિયાં રંગરેલ ॥૮॥ ઉદ્ધવને સર્વે સ્થળ દેખાડતાં, અતિ આંખડિયે આંસુ ઝરે । ઉદ્ધવ અમે કેમ કરીએ, એમ કહી કહીને રુદન કરે ॥૯॥ એવાં સુખ નથી દીધાં એણે, જે વિસાર્યાં પણ વિસરે । નિષ્કુલાનંદના નાથ વિયોગે, પાપી પ્રાણ પણ નવ નિસરે ॥૧૦॥ કડવું ॥૩૬॥

**પદરાગ મેવાડી** — વાલીડો વિજોગી ગયારે, હો ઉદ્ધવજી અમનો વિસામો વિજોગી ગયારે; હો ઉદ્ધવજી૦ ટેક — અમને કરી અનાથ, નેક નાખી ગયા નાથ । હવે કેમ આવે હાથ, કુબજ્યાના નાથ થયારે; હો ઉદ્ધવજી૦ ॥૧॥ પિયુ સંગે પળેપળ, કોયે નવ પડિ કળ । અંતરે આવે છે વળ, દેખો દૂર રહ્યારે; હો ઉદ્ધવજી૦ ॥૨॥ કો'ને અમે કરૂં કેમ, અલબેલે કર્યું એમ । અંતર જળેછે જેમ, ડુંગર દાઝિયારે; હો ઉદ્ધવજી૦ ॥૩॥ નિષ્કુલાનંદનો નાથ, અમારી એ મિરાંથ હાથ । વિસારી વ્રજનો સાથ, દિલમાં નાણી દયારે; હો ઉદ્ધવજી૦ ॥૪॥ પદ ॥૯॥

ઉદ્ધવનું અંતર મન આશ્ચર્ય પામિયુંજી, આપણું ડહાપણપણું દેખી ગોપીને વામિયુંજી । જાણ્યું હરિનું હેત જુવતી ઘટ જામિયુંજી, પછી પ્રમદાને ચરણે ઉદ્ધવે શિશ નામિયુંજી ॥૧॥ **ઢાળ** — શિશ નમાવી વળી વંદના કીધી, ધન્ય ધન્ય બાઈ તમે ધન્ય છો । સ્નેહપણ સાચો તમારો, વળી તમે હરિનાં તન છો ॥૨॥ તમારા પ્રેમને પાશલે, વળી સર્વે સાધન ન્યૂન છે । મને થયું દરશન તમારૂં, તેહ મારાં મોટાં પુણ્ય છે ॥૩॥ પ્રીત તમારી પ્રમદા, તેની રીત અલૌકિક અબળા । તમારી શ્રીકૃષ્ણ સ્વામીની, કોયે કળાતી નથી કળા ॥૪॥ એટલું તો જાણું જો અમે, તમે ગોપીછો ગોલોકની । એહ વિના તો ન હોય આવું, હોય બીજે બુદ્ધિ તો કોકની ॥૫॥ મોટાં ભાગ્ય માતાજી મારાં, જે કૃષ્ણે મુજને મોકલ્યો । સુણી સુધાસમ વાણી તમારી, પ્રેમેશું પીતાં હું છળ્યો ॥૬॥ તમારી પદ રજ માગવા, બાઈ લલચાણું મારૂં મન । તમારા દાસનું દાસપણું, એહ આપજો જુવતી જન ॥૭॥ બાઈ બાળક બુદ્ધિએ હું બોલિયો, તેનો હૃદયે ન ધરશો રોષ । કાલું બોબડું કહ્યું મેં જેહ, તેહ દાસનો નિવારીએ દોષ ॥૮॥ સાચી તમારી પ્રીત સજની, વળી સાચો તમારો સ્નેહ । સાચી ભક્તિ તમે કરી સુંદરી, આવો પામી અબળાનો દેહ ॥૯॥ મે'ર કરો માતા મુજને, આપો આજ્ઞા તે શિર ધરૂં । નિષ્કુલાનંદના નાથ પાસે, કહો તો જાવાનું હવે કરૂં ॥૧૦॥ કડવું ॥૩૭॥

ઉદ્ધવ ઉચ્ચરિયા કરી અતિ વિનતિજી, માતાજી મારી છે જો થોડી મતિજી । મૂઢ નવ જાણે ગૂઢ તમારી ગતિજી, આપો મને આજ્ઞા જાઉં હવે જુવતિજી ॥૧॥ **ઢાળ** — જાઉં હવે જગદીશ પાસે, એવી આજ્ઞા કરો તમે । ત્યારે સુંદરી કહે સારૂં વીરા, સુખે પધારો રાજી અમે ॥૨॥ પછી ભવન ભવન ગઈ ભામીની, લાવી ભેટ ભૂધર અરથે । મહી માખણ દુધ ઘૃત ગાડવા, વળી લાવીને બાંધ્યા રથે ॥૩॥ કોઈક કુરમલડો લાવી, કોઈક તલ બાજરી તલ સાંકળી । કોઈક ધોતી પોતી પીતાંબર, કોઈ લાવી કાળી કાંબળી ॥૪॥ ભર્યો રથ લઈ ભેટશું, લાવી વસ્તુ બહુ પ્રકારની । અગર ચંદન માળા આપી, ઉદ્ધવ કરજો પૂજા મોરારની ॥૫॥ કોઈક કહે ચરણ હૃદે ધરજો, કોઈ કહે અંગોઅંગ ભેટજો । કોઈક કહે હૈયે હાથ ચાંપી, કોઈ કહે ચરણમાં લોટજો ॥૬॥ કોઈ કહે જઈ

બકી લેજો, કોઈ કહે ગાલ ઝાલી તાણજો । કોઈ કહે હાથ જોડી કહેજો, હરિ અમને પોતાનાં જાણજો ॥૭॥ જેને જેવું અંગ હતું, તેણે તે તેવું કા'વિયું । હેત છુપાળ્યું નવ છુપે, હૈયાનું તે હોઠે આવિયું ॥૮॥ વળી સહુ મળી પ્રણામ કહ્યા, ઉદ્ધવ કહેજો જઈ કૃષ્ણને । દયાનિધિ દયા કરીને, દેજો વહેલાં હરિ દર્ષણને ॥૯॥ ઉદ્ધવજી સ્તુતિ કરજો, કર જોડી અમારી વતી । નિષ્કુલાનંદના નાથ આગળે, વિધવિધ કરજો વિનતિ ॥૧૦॥ કડવું ॥૩૮॥

પ્રમદાનો પ્રેમ તે કેમ કરી જાય કહ્યોજી, સુંદરીનો સ્નેહ દેખી દિગમૂઢ થયોજી । ધન્ય ધન્ય અહો ઉદ્ધવ એમ કરે રહ્યોજી, જોયું હેત જુવતીનું અપાર પાર નવ લહ્યોજી ॥૧॥ **ઢાળ —** પાર ન લહ્યો પ્રેમ કેરો, જોઈ જોઈ જોયું ઉદ્ધવે । શ્રીકૃષ્ણ વિના પ્રાણ આના, કેમ કરીને રે'શે હવે ॥૨॥ કોઈક મુખ નિશ્વાસ મૂકે, કોઈ આંખડીએ આંસુ ભરે । કોઈક વદન કરી ઉંચું, ગાઢે સ્વરે રોદન કરે ॥૩॥ ઉદ્ધવ કહે બાઈ એમ મ કરો, તમે ધરો અંતર ધીર । તમને હરિ સુખ આપશે, લોહી નાખો નયણનાં નીર ॥૪॥ ત્યારે સુંદરી કહે અમે શું કરૂં, કેમ રહે નયણાંનાં નીર ઝાલિયાં । તમે હતા જે કથા કે'તા, તેહ પણ વીરા તમે ચાલિયા ॥૫॥ સારૂં સધાવો સ્નેહી શ્યામના, દરશ સ્પરશ કરો હરિચરણને । અમારાં આશિષ વચન, કે'જો અશરણ શરણને ॥૬॥ પછી ઉદ્ધવ ગોપીને પાયે લાગી, માગી શીખ રથ ચલાવિયો । અહો સ્નેહ સુંદરીનો, મનન કરતાં મથુરાં આવિયો ॥૭॥ ઉદ્ધવ આવિને ભેટ્યા ભૂધરને, નયણાં તૃપ્ત ન થાયે નિરખતાં । ત્યારે કૃષ્ણ કહે ભલે આવ્યા ઉદ્ધવ, શું કરેછે વ્રજવનિતા ॥૮॥ સ્નેહ મુજશું સુંદરીને હતો, અતિ ઘણો અતોલજો । કોઈ હવે સંભારેછે વ્રજમાં મને, તમે ઉદ્ધવજી સાચું બોલજો ॥૯॥ ઉદ્ધવ કહે સુણો શ્રીહરિ, ધન્ય ધન્ય વ્રજની વિરહિણી । નિષ્કુલાનંદના નાથ કે'તાં, વીતે છે દિન ને રેહણી ॥૧૦॥ કડવું ॥૩૯॥

ઉદ્ધવ કહે હું શું કહું શ્રીહરિજી, તમારા સ્નેહવશ વ્રજસુંદરીજી । હે કૃષ્ણ કૃષ્ણજી કરેછે ભાવે ભરીજી, નાથ નથી રહી એને ખાન પાનની ખબર ખરીજી ॥૧॥ **ઢાળ —** ખાન પાનની ખબર નથી, ઉન્મત ગત છે અંગની । લોકલાજ કાજ ત્યાગ કરી, ૧રાતી છે તમારા રંગની ॥૨॥ જેમ નર કોઈ માદક પીયે, તેને તન તણી શુદ્ધ વિસરે । તેમ તમારા સ્નેહની કેફે કરી, એને દેહ દશા નવ દિસે સરે ॥૩॥ જોગ યજ્ઞ જપ તપ તીરથ, વળી વેદ વિધિ કરી કેમ શકે । સ્નેહ માંહિ રહે સમાઈ, બોલે નહિ બોલાવી બોલ્યે થકે ॥૪॥ પ્રેમ જોઈને પ્રમદાનો, મારો ગર્વ સર્વે ગળીયો । હુંતો ગયો તો શીખ દેવા, પણ સામું શીખ લઈને વળિયો ॥૫॥ એવા નિર્મળ અંતર વિના, સ્નેહ રસ શેમાં રહે । ચારણી ચિત્તે લટક પ્રીતે, પ્રેમ સુધારસ શું ગ્રહે ॥૬॥ એવા સ્નેહ વિના શીદને, મૂરખ કોયે મલકાય છે । હજી પશુ જેવી પણ પ્રીત નથી, તો હરિજન હોડ કાંયે થાયછે ॥૭॥ પ્રિતમ વિના પ્રેમીના પ્રાણ ન રહે, અને રહે તો પ્રીત ન હોય । જેમ જળ વિયોગે ઝષ ન જીવે, પણ જીવે દાદુર કૂર્મ દોય ॥૮॥ તેમ તમ વિના ગોપીના પ્રાણ ન રહે, પણ રહેવા છે એક રીત । જાણે હમણાં હરિ આવશે, એવું ચિંતવેછે ચિત્ત ॥૯॥ પછી ભેટ દીધી પૂજા કીધી, કહ્યું વા'લા આપી છે વ્રજસાથને । વળી કહ્યું અંગોઅંગ મળજો, નિષ્કુલાનંદના નાથને ॥૧૦॥ કડવું ॥૪૦॥

**પદરાગ ધોળ —** અલબેલા આગળે ઉદ્ધવજીરે કહેછે, પ્રમદાના પ્રાણ કોણ જાણે કેમ રહેછેરે; ઉદ્ધવ૦ ॥૧॥ નીર વિના નયણાં મેં કેદિયે ન દીઠાં, આંખડિયેથી આંસુ ઝરીઝરી પડેછે હેઠાંરે; ઉદ્ધવ૦ ॥૨॥ રોઈ રોઈ ખોયાછેરે દેહના રે હાલ, તમ વિના કૃપાનિધિ થઈછે કંગાલરે; ઉદ્ધવ૦ ॥૩॥ તમારા વિયોગ રોગે મણા નથી રાખી, ઝુરીઝુરી જુવતીરે પડીછે ઝાંખીરે; ઉદ્ધવ૦ ॥૪॥ પ્રાણ ગયાની પેર એનીરે મેં દીઠી, વા'લા વધામણી મેલોરે તમે મીઠીરે; ઉદ્ધવ૦ ॥૫॥ નિષ્કુલાનંદના નાથજીરે તમને, કહ્યું કર જોડી જેવું જણાણુંરે અમનેરે; ઉદ્ધવ૦ ॥૬॥ પદ ॥૧૦॥

શ્રીહરિ કહે ઉદ્ધવ એહ સત્ય છેજી, મુજ સાથે સુંદરીને અતિશે આરત છેજી । દેહ ગેહ સુખથી એહ વનિતા વિરક્ત છેજી, અચળ અડગ એની મુજ વિષે મત છેજી ॥૧॥ **ઢાળ —** મત એની મુજમાંહિછે, તેણે કરી તનસુખ ત્યાગ છે । વન જઈ શું કરે વનિતા, એને વણ લીધો વૈરાગ્ય છે ॥૨॥ કામ ક્રોધ ને લોભ મોહ, તેતો વિરહ વહ્નિએ બળિયા । આતુરતાના અનિલે કરીને, તન વિકાર તેહના ટળિયા ॥૩॥ એકાદશ

ઈંદ્રિય એની, ઉદ્ધવ આવી એહને મનમાં । સંસાર સંકલ્પ ના'વે સ્વપને, રહે સદાયે બુડી પ્રેમમાં ॥૪॥ પ્રીત વશ છે પ્રાણ એના, જેની ચિત્તવૃત્તિ મુજમાં મળી । સ્નેહ મુજ સાથે કરતાં, તેણે બીજી વાસના ગઈ બળી ॥૫॥ ઈચ્છા નથી કોઈ એને અંતરે, મુજ ચરણ વિના ચૌદલોકની । ચતુરધાની એણે ચાહના મૂકી, રાખી ભક્તિ એણે રોકની ॥૬॥ મુજ વિયોગે વિલખી વિલખી, તજ્યાં સુખ સર્વે તનથી । ઉદ્ધવજી એવા જન જેવું, વા'લું તે મુજને કોઈ નથી ॥૭॥ હુંજ છઉં પ્રાણ પ્રેમીના, અને પ્રેમીજ મારૂં તન । ઉદ્ધવજી એમાં અસત્ય નથી, સત્ય માનજે તું મન ॥૮॥ મને પ્યાર છે પ્રેમીનો, હુંતો પ્રેમીજનને પુંઠે ફરૂં । સ્નેહસાંકળે સાંકળ્યો હું, જેજે જન કહે તેતે કરૂં ॥૯॥ પ્રેમીનું પણ પાળવાને, મારૂં પણ મેલ્યું પ્રેમી પાસળે । નિષ્કુલાનંદનો નાથ કહેછે, એમ ઉદ્ધવની આગળે ॥૧૦॥ કડવું ॥૪૧॥

ભક્તિ મારી છે બહુ ભાતનીજી, જન મળી કરેછે જુજવી જાતનીજી । પણ પ્રેમની ભક્તિ છે પ્રાણ ઘાતનીજી, તે કેમ કરી કરે કોયે નથી મુખ વાતનીજી ॥૧॥ **ઢાળ –** મુખવાત તેની નથી થાતી, એતો પ્રાણ ગયાની પેર છે, એવી જે જન આદરે, તેહ ઉપર મારી મે'ર છે ॥૨॥ સ્નેહ કરે જે મુજ સાથે, તન મન કરી કુરબાણ । ઉદ્ધવ મારે ધન એહછે, વળી જાણુંછું જીવનપ્રાણ ॥૩॥ મને સંભારેછે સ્નેહી જન, તેમ સંભારૂં હું સ્નેહીને । અરસ પરસ રહે એકઠાં, જેમ પ્રીત છે દેહ દેહીને ॥૪॥ અંતર પ્રીત સરળ ચિત્ત, વળી હૈયે હેત અતિ ઘણું । ઉદ્ધવ એવા જન જેહ છે, તેહ રે'વા ઘર છે મુજતણું ॥૫॥ જેનું અંતર લુખું હૃદય સૂકું, વળી નેહ નહિ જેના નેણમાં । ઉદ્ધવજી હુંતો ત્યાં ન રહું, મર ધરે ધ્યાન દિન રેણમાં ॥૬॥ જપ તપ તીરથ જોગ યજ્ઞ, જેહમાં તે ફળની આશ છે । એહને ધાયે ભક્ત કહેવાયે, પણ તેશું મારો કાંય દાસ છે ॥૭॥ કોય નર નિરાશી ચરણ ઉપાસી, મમતા રહિત મુજને ભજે । એવા ભક્ત જક્ત વિરક્ત જેહ, તેહ ઉદ્ધવજી મુજને રજે ॥૮॥ હુંતો વશ છઉં પ્રેમને, કહું ગોપ્ય મારો મતછે । સ્નેહ વિના હું શિયે ન રીઝું, એહ માનજે સત્ય સત્ય છે ॥૯॥ વ્રજવનિતા પ્રેમરતા, પ્રીતે અજીત મને જીતિયો । નિષ્કુલાનંદનો નાથ કહેછે, ઉદ્ધવ હેતે હું એનો થયો ॥૧૦॥ કડવું ॥૪૨॥

ધન્ય ધન્ય ગોપિકા સ્નેહની મૂરતિજી, જેને અલબેલો સંભારેછે અતિ અતિજી । જેહનો અપાર સ્નેહ ને અપાર મતિજી, જેના જશ ગાયછે નિત્યે નિત્યે શ્રુતિજી ॥૧॥ **ઢાળ –** શ્રુતિ ગાયછે જશ જેનો, વળી સરાયે છે જેને શ્રીહરિ । ધન્ય ધન્ય સ્નેહ એહનો । વળી સાચી ભક્તિ એણે કરી ॥૨॥ ધન્ય ધન્ય એહનો પ્રેમ કહીએ, ધન્ય ધન્ય એહની પ્રીતને । ધન્ય ધન્ય હેત એના હૈયાનું, ધન્ય ધન્ય એહની રીતને ॥૩॥ ધન્ય ધન્ય ભાવ ભલો એહનો, ધન્ય ધન્ય એહની મત્યને । ધન્ય ધન્ય સમજણ એહની, ધન્ય ધન્ય એહનાં કૃત્યને ॥૪॥ ધન્ય ધન્ય અંતર એહનું, ધન્ય ધન્ય એહના મનને । ધન્ય ધન્ય બુદ્ધિ ચિત્ત સમેતને, જે કર્યું અર્પણ કૃષ્ણને ॥૫॥ શ્રવણ નયન નાસિકા, ધન્ય ત્વચા રસના તેહને । પાદ પાણિ ધન્ય એહનાં, ધન્ય ધન્ય એહના દેહને ॥૬॥ સર્વે અંગે અતિ રંગે, કરી કૃષ્ણની જેણે ભગતિ । ત્રિલોકશું તોડી હરિશું જોડી, કરી પ્રીત અચળ અડગ અતિ ॥૭॥ ભવરોગ વામી કૃષ્ણ પામી, સ્વામી સદા સુખકંદને । દાઝ ટળી શાંતિ વળી, મળી પરમાનંદને ॥૮॥ કરી પ્રીત પૂરણ રીતે, જીતી ગઈ જશ જુવતી । જશ જેના ઉત્તમ એના, ગુણ ગાયછે ગૃહસ્થ ને જતિ ॥૯॥ ભૂત ભવિષ્ય વર્તમાનમાં, કોઈએ સ્નેહ તુલ્ય નથી આવતું । નિષ્કુલાનંદના નાથજીને, સ્નેહ વિના નથી ભાવતું ॥૧૦॥ કડવું ॥૪૩॥

સ્નેહગીતા જે જન ગાશેજી, સુણતાં સદ્ય આનંદ ઉપજાવશેજી । પ્રીતમની પ્રીતની રીત જો જણાવશેજી, સ્નેહી જનને સુધાસમ ભાવશેજી ॥૧॥ **ઢાળ –** જણાવશે રીત પ્રીત કરી, હશે કાસલ તે કલાવશે । પછી સ્નેહીજન સજ્જ થઈને, ચિત્ત હરિ ચરણ લાવશે ॥૨॥ વળી દેહ ઈંદ્રિય મન પ્રાણની, કોઈ રુંધવાની રીત કરે । તો સર્વે સાધન મેલી મનનાં, પ્રીતે ચિત્ત હરિચરણે ધરે ॥૩॥ અંતઃકરણ ને ઈંદ્રિની વૃત્તિ, લોલુપ કિયાં નથી લોભતી । પ્રગટ મૂર્તિ વિના વળી, અન્ય સ્થળે પળ નથી થોભતી ॥૪॥ સર્વે વાસના ત્યારે ગળે, જ્યારે મળે મનોહર મૂરતિ । સાધન સર્વે થાય પુરાં, એમ ગાય સત્ય નિત્ય સુરતિ ॥૫॥ પ્રભુપદની પ્રીત વિના, વિકાર તે નવ વિસમે । વ્રેહ વિના વાસના ન બળે, અન્ય ઉપાયે શીદ દેહ દમે ॥૬॥ સ્નેહ સાચો સ્નેહી જનનો, શ્રીકૃષ્ણ સાથે કરજો । પ્રીત રીતે જો પંડ પડે, તોયે દિલમાંહિ

માં ડરજો ॥૭॥ સ્નેહગીતા ગ્રંથ ગાવા, ઈચ્છા કરી અવિનાશ । નિષ્કુલાનંદને નિમિત્ત દેઈ, કર્યો ગ્રંથ એહ પ્રકાશ ॥૮॥ એકાદશ પદને ચુંવાળીસ કડવે, કહી સ્નેહની કથા કથી । પંચ દોયે કમ જે પાંચસે, છે ચરણ પુરાં ઓછાં નથી ॥૯॥ સર્વે ચરણે સ્નેહકથા, વરણવી વિવિધે કરી, હરિને મને હેતે સાંભળી, કરજો પ્રીત હરિ સાથે ખરી ॥૧૦॥ સંવત અઢાર બોતેરના, વૈશાખ શુદ ચતુરથી । હરિજનના હેત અર્થે, સ્નેહગીતા કહી કથી ॥૧૧॥ કડવું ॥૪૪॥

**પદરાગ ધોળ**

ધન્ય ધન્ય સ્નેહ શિરોમણી, ના’વે સાધન કોઈ સમતોલ ।
સાંભળજો સ્નેહ સમાન તે શું કહું,
જપ તપ તીર્થ વ્રત જોગ જે । કોઈ કરે જો જજ્ઞ અતોલ;
સાંભળજો૦ ॥૧॥
અપવાસી ઉદાસી વાસી વન, કોઈ તનમાં ન ધરે પટત;
સાંભળજો૦ ।
કોઈ ફળ ફુલ પયપાનશું, કરી આહાર આણે તન અંત;
સાંભળજો૦ ॥૨॥
પુણ્ય દાન પાળે કોઈ ધર્મને, રહે નિ’મધારી નરનાર;
સાંભળજો૦ ।
સર્વે સુનું એક સ્નેહ વિના, એતો પ્રપંચનો પરિવાર;
સાંભળજો૦ ॥૩॥
જોગી થાક્યા જોગીપણું પાળતાં, તપી થાક્યા સહી શિત તાપ;
સાંભળજો૦ ।
ધ્યાની થાક્યા ધરતા ધ્યાનને, જપી થાક્યા જપતાં જાપ;
સાંભળજો૦ ॥૪॥
જતિ થાક્યા જતને જાળવતાં, મુનિ થાક્યા રે’તા વળી મુન્ય;
સાંભળજો૦ ।
બીજાં અવર સાધન અનેક જે, એક સ્નેહ વિના સર્વે શૂન્ય;
સાંભળજો૦ ॥૫॥
કોટિ કાયા ક્લેશને કરતાં, હરિ કેને ન આવ્યા હાથ;
સાંભળજો૦ ।
પ્રેમવશ થઈ પિયુ પાતળો, સદા રમિયા વ્રજજન સાથ;
સાંભળજો૦ ॥૬॥
હેત પ્રીતે સ્નેહીની સંગે, અલબેલો આપેછે આનંદ;
સાંભળજો૦ ।
વા’લો નિષ્કુલાનંદનો નાથજી, સ્નેહવશ શ્રીસહજાનંદ;
સાંભળજો સ્નેહ સમાન તે શું કહું ॥૭॥ પદ ॥૧૧॥

## ઈતિ શ્રી મદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુલાનંદ મુનિ વિરચિતા સ્નેહગીતા.

# સ્નેહગીતા સંપૂર્ણ